અંક - ૦૧

જૂન, ૨૦૨૪

# પરિવર્તન



Dr. K. R Shroff Foundation અને
સંલગ્ન સંસ્થાઓએ કરેલાં અને
કરવાનાં કામોની વાતો તેમજ વિગતો


Contact Us

www.krsf.in

72270 64000



# વિષયસૂચી

## વિવિધ દિશામાં થઈ રહેલાં કામો

**સંસ્થાની પૂર્વભૂમિકા**

**અમારી કાર્યપ્રણાલી**

**શિક્ષણ એ પારસમણિ** 11

- દ્રઢતા 13
- બાળક પ્રથમ 17
- એક નિશાળ ભૂતકાળ બનતા બચી 19
- શું બાળકોએ પોતાના અભ્યાસ માટે... 21
- મારેય શિક્ષક બનવું છે, મારી માનું સપનું પૂરુ કરવા 23
- ટીમવર્ક થકી સારા પરિણામની આશા 25
- સંસ્થા થકી સુરેશ મેડિકલ કોલેજમાં 27
- આવાં શિક્ષક હોવાનો ગર્વ 28
- રમતગતમ શિક્ષણનું અનિવાર્ય અંગ 29

**ઉદ્યોગ સાહસિકતા** 31

- ગામેગામ રઝળપાટ કરવામાંથી છૂટકારો 32
- સંસ્થાના પૈસા આવ્યા ત્યારથી મારે હારામાં હારું 34
- ઢગલો પ્રશ્ન 36

# વિષયસૂચી

## વિવિધ દિશામાં થઈ રહેલાં કામો

**પર્યાવરણ સંવર્ધન** 37
• ધામણવાનું તળાવ... 39
• ગામલોકો સ્થળાંતર કરતા અટકે એ અમારો આશય 41
• મહેસાણામાં જળસંચયના વધારે કામો થાય તેમ કરીશું 43
• શહેરમાં 'નાહવું નીં પડે' 45
**વૃક્ષ ઉછેર** 47
• વસઈ ગામમાં વૃક્ષારોપણ 48
• કનઈ ગામની પર્યાવરણ તરફની જાગૃતિને સલામ 49
• રામસીડા ગામમાં 16,000 વૃક્ષો ઉછેર્યા... 51
**માનવ અધિકાર** 53
• અમે પણ સુધરવા માંગીયે છીએ... 54
• હિમ્મતનગરના પરિવારોને કાયમી સરનામું... 56
• રેશનકાર્ડ... 58
• પરિવાર સંપન્ન બબુમાનું જ્યારે કોઈ ન રહ્યું... 59
• રામની શબરી એવા ગજરાબાને મન... 60
• બેડ ગામના પરિવારની ઓશિયાળી દૂર થઈ... 61
**આરોગ્ય સંભાળ** 62

# સંસ્થાની પૂર્વભૂમિકા

આર્કીમિડીઝને કોઈએ પૂછ્યું, "તારે કેટલું કામ કરવું છે અને એ માટે તારે શું જોઈએ છે?" તો તેમણે માંગ્યું, "મને એક ટેકણિયું અને એક લાકડી આપી દો! હું એ ટેકણિયાના સહારે લાકડીથી આખી પૃથ્વી ઊંચકી બતાવીશ."

વ્યક્તિ જે કાર્ય કરતી હોય એ કાર્યને લઈને એનાં સ્વપ્ન હોય. જોકે દરેક દુખી તકવંચિતના તમામ પ્રશ્નોને ઉકેલવાની, જે સમાજકાર્યો આજે મર્યાદિત વિસ્તારમાં, મર્યાદિત કાર્યકર્તાઓ સાથે થઈ રહ્યા હોય તેમને વ્યાપક કરવાનું ચોક્કસ થઈ શકે. અને જો તેમાં અનુભવ, આયોજન અને અહર્નિશભાવ જોડાય તો સોનામાં સુગંધ ભળે.

તરુણાવસ્થામાં શ્રી પ્રતુલભાઈ શ્રોફે "ટાઇમ્સ ઓફ ઇન્ડિયા"માં ભારતની ગરીબી સંદર્ભે એક કાવ્ય વાંચેલું. કાવ્ય વાંચીને એ ઘણા વ્યથિત થયા, અને દેશની કથળી રહેલી આર્થિક, શૈક્ષણિક, સામાજીક પરિસ્થિતિને સુધારવામાં પોતાનાથી શક્ય એટલું યોગદાન આપવાનું નિરધાર્યું. સેવાના ગુણ તેમને તેમના ગણમાન્ય તબીબ એવા પિતા ડૉ. શ્રી કે. આર. શ્રોફ પાસેથી ગળથૂથીમાં મળેલા. દર્દીઓને સાજાનરવા કરવામાં પોતાનો જીવ રેડી દેનાર પિતાની જેમ શ્રી પ્રતુલભાઈ પણ પિતાએ આપેલ સદ્‌ભાવનના સંસ્કાર સાથે તેઓ ભણીને જે કંઈપણ કમાશે એમાંથી દેશની શિક્ષણ વ્યવસ્થાને સુદઢ કરવા માટે વિશેષ કંઈક કરવાનો નિર્ધાર કર્યો. એકવીસ વર્ષની ઉંમરે કરેલો નિર્ધાર સામાન્ય રીતે કાળક્રમે વિસરાઈ જે તે સામાન્ય બાબત છે પણ પ્રતુલભાઈ આ સંકલ્પ ક્યારેય ભૂલ્યા નહીં. વિખ્યાત બિરલા ઇન્સ્ટિટ્યુટ ઑફ ટેકનૉલૉજી એન્ડ સાયન્સ (BITS), પિલાની (ભારત)માંથી ઇલેક્ટ્રિકલ ઍંજિનિયરિંગ કરી કમ્પ્યૂટર ઍંજિનિયરિંગ ભણવા તેઓ અમેરિકા ગયા અને બાદમાં ત્યાં જ તેમણે પોતાનો સ્વતંત્ર વ્યવસાય સ્થાપ્યો. e-Infochips Pvt. Ltd. કંપની કે જે સોફ્ટવેર ડેવલપમેન્ટ ક્ષેત્રે મહત્વપૂર્ણ યોગદાન આપવાની સાથે સાથે દેશ-ઘડતરનો તેમનો સંકલ્પ પણ સમયવાર વિકસી રહ્યો હતો – એક આકાર મેળવી રહ્યો હતો. અમેરિકા છોડ્યું અને ત્યાંથી આવ્યા પછી સ્થાપેલા બિઝનેસમાં તેઓ ઘણું કમાયા, ઘણાને નવી ઊંચાઈ પર પહોંચાડ્યા અને સાથે સાથે ભારતના ગામડાને શહેરોની જેમ જ બેઠા કરવાનો સમાજોપયોગી વિચાર દઢ થતો જઈ રહ્યો હતો અને છેવટે એ સમય આવ્યો.

શ્રી પ્રતુલભાઈએ દેશની અને વિશેષ ગ્રામ્ય શિક્ષણ વ્યવસ્થાને વધુ સુદઢ કરવાના હેતુથી આદર્શ મનુષ્યના નિર્માણનો સંકલ્પ લીધો. શિક્ષણ થકી પ્રમાણિકતા, સમાજિક નિસબત, હકની સાથે ફરજ શિખવાડે તેવા સંસ્કારલક્ષી શિક્ષણ દ્વારા દેશના ભાવિ એવાં બાળકોને મજબૂત ભારતના ઘડવૈયા બનાવવા પિતા ડૉ. આપવાના આશયથી તેમણે પિતાના નામે “ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશન (KRSF)” સંસ્થાની સ્થાપના કરી.

શિક્ષણકુંભ એવી શાળાઓમાં (ખાસ કરીને સરકારી શાળાઓમાં) શિક્ષાવિદોની અછત તેમને ખૂંચી. KRSF થકી આ ઘટની પૂર્તિ કરી મદદરૂપ થવાની પહેલ શરૂ કરી. આજથી ૧૧ વર્ષ પહેલાં સાબરકાંઠાની સરકારી નિશાળોમાં કે જ્યાં શિક્ષકોની ઘટ હતી ત્યાં KRSF દ્વારા વધારાના શિક્ષકોની નિમણૂંક કરી કોઈપણ બાહ્ય મદદની અપેક્ષા વગર માનદ વેતન પણ આપવા માંડ્યું. સાબરકાંઠાની છ નિશાળથી શરૂ કરેલી આ સફર આજે બનાસકાંઠા, અમદાવાદ, ગાંધીનગર, નર્મદા વગેરે જિલ્લાની ૭૩૩ સરકારી શાળા અને ૮૦૦ થી વધુ શિક્ષકો અને ટીમ મેમ્બર્સ, ૮૦,૦૦૦ થી વધુ બાળકોને માત્ર સાક્ષર કરવાનું જ નહીં પણ સંસ્કાર સીંચનનું કાર્ય પણ બખૂબી કરી રહ્યા છે.

KRSF ફક્ત અને ફક્ત પોતાના શિક્ષણ કાર્યક્રમ પૂરતી જ મર્યાદિત નથી. સમાજોપયોગી થવાના તેમના બૃહદ સંકલ્પના ભાગરૂપે સમાજના છેવાડાના અને તકવાંછિત તમામ સમુદાયોને બેઠા કરવાના ઉદ્દેશ્યમાં ધ્યેયપૂર્વક આગળ વધતી સંસ્થાઓને પણ આર્થિક કારણોસર કામમાં કચાશ રહી ન જાય તે માટે પોતાની સંસ્થાના માધ્યમથી સતત સહયોગ આપી રહ્યા છે.

સંસ્થા પ્રતુલભાઈના સહિષ્ણુ નેતૃત્વ હેઠળ ખૂબ ટૂંક ગાળામાં ખૂબ મોટી સિદ્ધિ મેળવી શકી અને આટલા મોટા યોગદાન છતાં ક્યાંય એનો પ્રચારપ્રસાર નહીં. ફક્ત પ્રતુલભાઈ જ નહીં KRSFના તમામ કાર્યકરો, શિક્ષકો અને હોદ્દેદારો પ્રતુલભાઈની ફિલસૂફી “હું કોઈને મદદ કરીને ઉપકાર નથી કરતો. હું માનુ છું કે જેમને હું મદદ કરું છું એ હું જ છું.” પર જ કામ કરે છે. એક પ્રચલિત વાક્ય યાદ આવે “સફળતા એ નથી જે સંસાર તમને આપે છે, પણ સફળતા એ છે જે સંસારને તમે આપો છો.” KRSF વ્યક્તિ નિર્માણ, સમાજ નિર્માણ, ભવિષ્ય નિર્માણ અને અંતે દેશ નિર્માણના પોતાના નિહિત ઉદ્દેશ્યમાં કટિબદ્ધતાપૂર્વક આગળ વધી રહી છે.

# અમારી કાર્યપ્રણાલી

ડૉ. કે.આર. શ્રોફ ફાઉન્ડેશન (KRSF) અગાઉ જણાવ્યું તેમ, ફક્ત અભ્યાસ પૂરતું જ નહીં પણ બાળકોના સર્વાંગી શિક્ષણ અને કેળવણી માટે કાર્ય કરે છે. જેમાં મૂળભૂત પાયાના શિક્ષણ (Foundational Learning Numeracy programme) થી લઈને બાળકોને શિષ્યવૃત્તિ આપવી તેમજ બાળકો તેની રસ, રૂચિ અને ક્ષમતાને અનુરૂપ યોગ્ય ક્ષેત્રમાં કારકિર્દી બનાવે તે સુનિશ્ચિત કરવાનું પણ છે.




## વિદ્યાર્થીઓનું મૂળભૂત અને પાયાનું શિક્ષણ

કેટલાંક નબળા અને વધુ સઘન પ્રયત્ન માંગતા વિદ્યાર્થીઓ માટે સંસ્થા તેના મૂળભૂત અને તાર્કિક શિક્ષણ કાર્યક્રમ (FLN Program) અંતર્ગત પાયાનું શિક્ષણ (ગુજરાતીમાં) અને ગાણિતિક (તાર્કિક) આવડત અમારા શિક્ષક પાસેથી શીખે છે. જ્ઞાન સાથે ગમ્મત થાય તો બાળકોમાં સહજ રીતે અભ્યાસલક્ષી સમજૂતી મેળવી શકે. માટે જ, અમારા શિક્ષકો રમતગમત, એનિમેશન વિડિયો વગેરે જેવા ઈન્ટરેક્ટિવ માધ્યમથી બાળકોને અનુભૂતિપૂર્ણ અભ્યાસ કરાવે છે. સંસ્થાએ આ માટે સર્વિંગ સોસાયટી થ્રુ ટેક્નોલૉજી (S2T2) નામનું SAAS સોફ્ટવેર પેકેજ પણ બનાવ્યું છે જે બાળકો અને શિક્ષકોના સંયુક્ત ઉપયોગ માટે દરેક શાળામાં ઉપલબ્ધ છે.

S2T2ના માધ્યમથી બાળકોનો ફક્ત અભ્યાસ જ નહીં પણ દરેક વિદ્યાર્થી કયા વિષયમાં અને ક્લાસમાં કેટલી પ્રગતિ કરી રહ્યા છે તેનું વિગતવાર મૂલ્યાંકન પણ કરી શકાય છે. વધુમાં આ મૂલ્યાંકનની મદદથી અમે બાળકોને કયા વિષય અને ટૉપિકમાં વધુ મહેનત કરાવવાની જરૂર છે તેનો નિર્ણય શિક્ષકો પોતે નિર્ણય લઈ શકે છે. સોફ્ટવેર અને ક્લાઉડ ટેક્નોલૉજીના માધ્યમથી અમે દરેક બાળકનું દર બે અઠવાડિયે કરેલ પ્રગતિનું મૂલ્યાંકન કરીએ છીએ અને તેઓ ખરેખર તેમના અભ્યાસમાં આગળ વધી રહ્યા છે કે નહીં તે સુનિશ્ચિત કરીએ છીએ. જો કોઈ બાળક નિશ્ચિત માપદંડ કરતાં ઓછી પ્રગતિ કરતું હોય તો તેને માટે તુરંત સુધારાત્મક પગલાં લેવામાં આવે છે.

દર વર્ષે, અમે લગભગ ૮૦% વિદ્યાર્થીઓને રેમીડિયલ વર્ગોમાંથી નિયમિત વર્ગોમાં પરિવર્તિત કર્યા છે જે સૂચવે છે કે દરેક બાળક શૈક્ષણિકક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિ કરી રહ્યું છે.

## પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ

અંગ્રેજી, ગણિત અને વિજ્ઞાન જેવા વિષયો ભણાવવા માટે અમે ખૂબ કારગર – કાર્યક્ષમ પદ્ધતિ અને ટેક્નોલૉજી વિકસાવી છે જેમાં

બાળકો પાસે એવી પ્રકારની પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે જે મનોરંજનપૂર્ણ અને સહજ સમજણ કેળવવામાં મદદરૂપ થઈ શકે. અમે દઢપણે માનીએ છીએ કે બૃહદ પરિપેક્ષમાં બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવા માટે ટેક્નોલૉજી ખૂબ મહત્વની ભૂમિકા ભજવી શકે તેમ છે. વર્ષ ૨૦૨૧ દરમ્યાન, અમે GCERT અને CSFના સહયોગથી ધોરણ ૧ થી ૮ (એટલે કે પ્રાથમિક ધોરણ) ના વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને વિવિધ વિષયો પર લગભગ ૨,૨૦૦થી પણ વધુ એનિમેશન શૈક્ષણિક વિડિયો બનાવ્યા. આ વિડિયોઝના માધ્યમથી વિદ્યાર્થીઓની અભ્યાસ પ્રત્યેની રૂચિ વધારવા જ નહીં પણ દરેક વિષયવસ્તુ માટે સહજ રસ કેળવે તેમજ અભ્યાસને અનુકૂળ વાતાવરણ બનાવવાનો છે. દર મહિને SAAS અને ક્લાઉડની મદદથી અમે દરેક બાળકની વ્યક્તિગત શૈક્ષણિક પ્રગતિનું મૂલ્યાંકન કરી છીએ જ્યારે એનાલિટિક્સની મદદથી નબળા બાળકો માટે કરેલ પ્રયત્નોમાં કેટલા સફળ રહ્યા અને હજુ શું પ્રયત્નો કરવા પડે તેમ છે તેનું આંકલન કરીએ છે.

જ્યારે ધોરણ ૦૯ અને ૧૦ના વર્ગોના (માધ્યમિક શાળાઓના) વિદ્યાર્થીઓ પૈકી લગભગ ૮૦%થી પણ વધુ વિદ્યાર્થીઓએ અમારી સંકલિત શિક્ષણ પદ્ધતિ દ્વારા તેમની ધોરણ ૧૦ની મહત્વની બોર્ડની પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરી છે. બાળકોના આ પરિણામોએ ગ્રામજનોમાં અમારી શિક્ષણ પદ્ધતિની વિશ્વસનીયતા ઊભી કરવામાં ખૂબ મહત્વની ભૂમિકા ભજવી છે એટલું જ નહીં પણ ગ્રામ્ય સમુદાયના કેટલાક સમાજોએ હવે સામૂહિક રીતે તેમના બાળકોને પ્રાઇવેટ શાળાઓમાંથી ફરી પાછા સરકારી શાળાઓમાં પરત લાવવા માટે પ્રતિબદ્ધ થયા છે. આ બધુ થઈ શક્યું છે સંસ્થાની ઉત્કૃષ્ટ શિક્ષણ પદ્ધતિથી તેમજ તેની સાથે જોડાયેલા તમામ શિક્ષકોની સંસ્થા અને બાળકો પ્રત્યેની નિષ્ઠાને કારણે.

## સંસ્કાર સિંચન (મૂલ્ય શિક્ષણ)

અમે માનીએ છીએ કે સફળ અને સુખી જીવન જીવવા માટે બાળકોમાં પાઠ્યપુસ્તક ઉપરાંત મૂળભૂત મૂલ્યલક્ષી શિક્ષણનું સિંચન કરવું અનિવાર્ય છે. માટે જ, અમે અભ્યાસની સાથે સાથે સકારાત્મક વલણ, આત્મવિશ્વાસ, હિંમત, ધ્યેય પ્રાપ્તિ, આરોગ્ય અને સ્વચ્છતા વગેરે જેવા મૂલ્યલક્ષી શિક્ષણ પર પણ એટલું જ મહત્વ આપીએ છીએ જેથી બાળકો સકારાત્મક અભિગમ સાથે પોતાનું જીવન આગળ ધપાવી શકીએ.

અમે વિવિધ સર્વે ના માધ્યમથી બાળકોના માતાપિતા અને વાલીઓ પાસેથી પણ બાળકોમાં આવી રહેલા બદલાવ માટે માહિતી મેળવતા રહીએ છીએ. વાલીઓ પણ અમારા મૂલ્ય શિક્ષણ વર્ગોથી ઘણા સંતુષ્ટ છે અને તેમના જણાવ્યા મુજબ તેમના બાળકોના સ્વભાવમાં નોંધપાત્ર સકારાત્મક બદલાવ જોઈ રહ્યા છે.

## પ્રતિભાશાળી બાળકો માટે વિશેષ માર્ગદર્શન

કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક અને હાઈસ્કૂલમાં ભણતા હોંશિયાર પરંતુ આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓ માટે વિવિધ સ્કૉલરશિપ/શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. આ સ્કોલરશીપ મેળવવા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપવી પડે છે જેને માટે સઘન તૈયારી ખૂબ જરૂરી છે.

સ્કૂલ શિક્ષણ અને સાક્ષરતા વિભાગ, કેન્દ્ર સરકારની રાષ્ટ્રીય સાધન- સહ- યોગ્યતા શિષ્યવૃત્તિ (સ્કૉલરશિપ) યોજના [National Means-cum-Merit Scholarship Scheme (NMMS)] તેમજ ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારની જ્ઞાન સાધના શિષ્યવૃત્તિ (સ્કૉલરશિપ) કાર્યક્રમ [Gyan Sadhana Scholarship Program] આવી જ ગરીબ અને વંચિત સમુદાયના પરંતુ અભ્યાસમાં તેજસ્વી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપતી કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓ છે. અમારા શિક્ષકો તેમની નિમણુંક થયેલી શાળામાં ભણતા અને સ્કૉલરશિપ મેળવી શકવા સક્ષમ વિદ્યાર્થીઓને આ સ્કૉલરશિપનો લાભ મળે તેના માટે ખાસ તૈયારી કરાવે જેથી તેમને સ્કૉલરશિપ મળે અને તેમનો અભ્યાસમાં ઉત્સાહ જળવાઈ રહે. સાથે જ આવા વિદ્યાર્થીઓ પોતે જ પોતાના જ્ઞાનના જોરે સ્વાવલંબી બને તથા ઉચ્ચ અભ્યાસ કરવા માટે પ્રોત્સાહિત થાય.

| ક્રમ | વિગત/શિષ્યવૃત્તિ યોજનાનું નામ | મળવાપાત્ર શિષ્યવૃત્તિની રકમ | લાભની શરતો | લાભ મેળવેલ વિદ્યાર્થી |
|---|---|---|---|---|
| ૧. | National Means –cum –Merit Scholarship (NMMS) Scheme<br>રાષ્ટ્રીય સાધન-સહ-યોગ્યતા શિષ્યવૃત્તિ યોજનામાસીક | ₹ ૧,૦૦૦.૦૦ | • ધોરણ ૯ - ૧૨ના વિદ્યાર્થીઓ<br>• ફક્ત ચાર વર્ષ માટે<br>• યોગ્યતા કસોટી પાસ કરવી | ૨૦૧ |
| ૨. | Gyan Sadhana Scholarship Program<br>જ્ઞાન સાધના શિષ્યવૃત્તિ કાર્યક્રમ | વાર્ષિક ₹ ૨૦,૦૦૦.૦૦<br>અથવા<br>વાર્ષિક ₹ ૨૫,૦૦૦.૦૦ | • ધોરણ ૯ અને ૧૦<br>• ધોરણ ૧૧ અને ૧૨<br>• યોગ્યતા કસોટી પાસ કરવી | ૧૮૪ બાળકો પાસ થયા |

**KRSF સહાય I સ્કોલરશિપ**

એક હોય છે ભણવામાં હોંશિયાર વિદ્યાર્થીઓ અને એક હોય છે પોતાની કારકિર્દીને મજબૂત વળાંક આપવા સક્ષમ પ્રતિભાશાળી વિદ્યાર્થી. સંસ્થા દરેક શાળામાં પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ કે જે આગળ જતાં પોતાની કારકીર્દીમાં કંઈક નવું કરવા સક્ષમ છે, પ્રતિબદ્ધ છે અને સૌથી મહત્વનું ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષામાં સારું પ્રદર્શન કરે તે માટે જરૂર પડ્યે વિશેષ તાલીમ આપીએ છીએ જેથી તેઓ બોર્ડની પરીક્ષા પાસ કર્યા પછી મેડીકલ, એન્જિનિયરિંગ, ફાર્માસ્યુટિકલ વગેરે ક્ષેત્રે પ્રવેશ મેળવી શકે અને પરિવાર, શાળા, અને સંસ્થાનું ગૌરવ બની શકે. રહી વાત ફીની મુશ્કેલીની તો તેના માટે ફાઉન્ડેશન તેમને ફી ભરવામાં મદદરૂપ થવા સદૈવ તત્પર રહે છે. ફાઉન્ડેશન માને છે કે આર્થિક પરિબળોને પરિણામે આવી અમૂલ્ય પ્રતિભાઓ આગળ વધતાં વંચિત રહી ન જવી જોઈએ અને તેથી જ એ વિશ્વાસ સાથે કે આ બાળકો મહેનત કરવાનું ના મૂકે અને ઉત્તરોત્તર પ્રગતિ કરતાં રહે સંસ્થા તેમના ઉજ્જ્વળ ભવિષ્ય માટે કટિબદ્ધ રહે છે. જ્યારે જે બાળકો હોશિયાર છે તેમના માટે પણ ફાઉન્ડેશન દ્વારા ₹ ૧,૦૦૦ સુધીની આર્થિક સહાય જે તે વર્ષ માટે આપવામાં આવે છે. જો કે આના માટે બાળકોએ ફાઉન્ડેશન દ્વારા લેવાતી પરીક્ષામાં પાસ થવું જરૂરી છે.

| ક્રમ | વિગત/શિષ્યવૃત્તિ યોજનાનું નામ | મળવાપાત્ર શિષ્યવૃત્તિની રકમ | લાભની શરતો | લાભ મેળવેલ વિદ્યાર્થી |
|---|---|---|---|---|
| ૧. | KRSF સંલગ્ન વિદ્યાર્થીઓને માસિક શિષ્યવૃત્તિ સહાય | ₹ ૧,૦૦૦ સુધીની આર્થિક સહાય | • ભણવામાં પ્રતિભાશાળી હોય<br>• આર્થિક રીતે નબળા હોય<br>• યોગ્યતા કસોટી પાસ કરેલ હોય | ૧૮૪ |
| ૨. | VSSM સંસ્થા સંલગ્ન હિંમતનગર ખાતેની છાત્રાલયના વિચરતી અને વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓને સહાય | તમામ રહેવા-જમવા અને અભ્યાસને લાગતો ખર્ચ | • બિનશરતી સહાય | ૪૭૬ |
| ૩. | સર્જન ફાઉન્ડેશન સંચાલિત સર્જન હોસ્ટેલ, અમીરગઢના વ્યવસાયલક્ષી અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે આર્થિક સહાય | તમામ રહેવા-જમવા અને અભ્યાસને લાગતો ખર્ચ | • બિનશરતી સહાય | ૨૭૯ |

| ક્રમ | વિગત/શિષ્યવૃત્તિ યોજનાનું નામ | મળવાપાત્ર શિષ્યવૃત્તિની રકમ | લાભની શરતો | લાભ મેળવેલ વિદ્યાર્થી |
|---|---|---|---|---|
| ૪. | વલસાડ, ડાંગ અને સુરત જિલ્લાની ૦૪ છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓ માટે આર્થિક સહાય | તમામ રહેવા-જમવા અને અભ્યાસને લગતો ખર્ચ | • બિનશરતી સહાય | ૪૦૧ |
| ૫. | મેડિકલ, એન્જિનિયરિંગ, ફાર્માસ્યુટિકલ ક્ષેત્રે ઉચ્ચ અભ્યાસ કરવા માંગતા વિદ્યાર્થીઓને આર્થિક સહયોગ | વ્યક્તિગત કિસ્સા પ્રમાણે | • ભણવામાં પ્રતિભાશાળી હોય<br>• આર્થિક રીતે નબળા હોય<br>• યોગ્યતા કસોટી પાસ કરેલ હોય | ૨૧ |
| | **કુલ સહાય મેળવેલ વિદ્યાર્થીઓ** | | | **૧,૩૬૧** |

**સંસ્થા સહયોગ દ્વારા વ્યાપક અને પરિણામલક્ષી પ્રયત્નો**

અમે ગુજરાતની કેટલીક જાણીતી સંસ્થાઓ, કોર્પોરેશન અને કંપનીઓના સહયોગ થકી લગભગ ૫,૭૦૦થી પણ વધુ બાળકોના શિક્ષણ માટે પ્રયત્નશીલ છીએ.

| ક્રમ | સંસ્થાનું નામ | સંલગ્ન શાળાઓ/ હોસ્ટેલો | લાભ મેળવી રહેલ વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧. | સુઝુકી મોટર્સ ગુજરાત | ૧૮ | ૧,૧૬૨ |
| ૨. | એલેમ્બિક ફાઉન્ડેશન | ૧૫ | ૮૮૪ |
| ૩. | વિદ્યાભારતી ફાઉન્ડેશન | ૩૪ | ૧,૫૫૮ |
| ૪. | વિચરતા સમુદાય સમર્થન મંચ (VSSM) | ૦૨ | ૪૭૬ |
| ૫. | ભગવતી ટ્રસ્ટ | ૧૨ | ૮૭૮ |
| ૬. | અન્ય સહયોગી સંસ્થાઓ | ૨૪ | ૯૬૬ |
| * | **કુલ સંખ્યા** | **૧૦૫** | **૫,૭૫૫** |

વિવિધ સંસ્થાઓ સાથે સહભાગિતા કેળવી KRSF શિક્ષણક્ષેત્રે કાર્યરત આ સંસ્થાઓને મદદરૂપ થઈ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે સહિયારા પ્રયાસ થકી વધુ સારા પરિણામો મેળવવા માટે પ્રયત્નશીલ છે.

### વ્યવસાયલક્ષી મૂલ્યવર્ધી શિક્ષણ

KRSF વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત સંસ્થાઓ સાથે પોતાનું જ માળખું ઊભું કરવાની જગ્યાએ ત્યાંની શિક્ષણક્ષેત્રે કાર્યરત સંસ્થાઓ સાથે ભાગીદારી કરી વધારે અસરકારક કાર્ય કરવામાં વિશ્વાસ વધુ રાખે છે. આ વિચારને આગળ વધારતા અમે નીચે જણાવેલ વિવિધ સંસ્થાઓ સાથે ભાગીદારી કરી છે.

| ક્રમ | સંસ્થાનું નામ | ભાગીદારી કરવાનો ઉદેશ્ય | લાભાન્વિત વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧. | સર્જન સંસ્થા | • ધોરણ ૯ થી ૧૧માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ કે જેઓ આગળ ભણવા ઈચ્છતા નથી તેમને વિવિધ વૈકલ્પિક વ્યાવસાયિક તાલીમ આપવામાં સહયોગ<br>• વૈકલ્પિક વ્યવસાયની તાલીમ લઈ શકે તે માટે વિદ્યાર્થીઓની હોસ્ટેલ બાંધકામમાં સહયોગ | ૨,૦૦૦<br>વાર્ષિક ૩૦૦ |
| ૨. | વિચરતા સમુદાય સમર્થન મંચ (VSSM) | • વિચરતા, વિમુક્ત અને અન્ય વંચિત સમુદાયના વિદ્યાર્થીઓની રહેવા, જમવા અને શિક્ષણ માટે તમામ સુવિધા આપવામાં સહયોગ | ૪૭૬ |
| ૩. | વિવિધ સરકારી તેમજ અન્ય શાળા અને છાત્રાલયો | • વિવિધ શાળા તેમજ છાત્રાલયમાં રહેતા બાળકોને ભોજન તેમજ શિક્ષણ માટે સહયોગ | ૧,૧૦૦ |
| ૪. | સેલ્ફ એમ્પ્લોયડ વુમન્સ એસોસિએશન (SEWA I સેવા) સંસ્થા | • સેવા સાથે સંકળાયેલી બહેનોને ડિજીટલ અને નાણાકીય સાક્ષરતા આપવામાં સહયોગ | ૯૦૦ |
| ૫. | સુઝુકી મોટર્સ ગુજરાત, વિદ્યાભારતી ફાઉન્ડેશન, એલેમ્બિક ફાઉન્ડેશન અને ભગવતી ચેરીટેબલ ટ્રસ્ટ | • વિવિધ સંસ્થાઓ દ્વારા વિદ્યાર્થીઓને સાક્ષર અને સક્ષમ બનાવવાના તેમના પ્રયત્નોમાં સહયોગ | ૫,૫૦૦ |

### પ્રૌદ્યોગિકી (ટેક્નોલૉજી) અને અર્થશાસ્ત્રીય સાક્ષરતા

વંચિત અને ૬૦ વર્ષથી વધુ ઉંમરની મહિલાઓને ડિજિટલ (પ્રૌદ્યોગિકી । ટેક્નોલોજીકલ) અને નાણાંકીય સાક્ષરતા તાલીમ આપવા માટે કાર્યરત વિશ્વવિખ્યાત SEWA સંસ્થા (Self Employed Women's Association) સાથે ભાગીદારીમાં રહી વર્ષ ૨૦૨૨ અને ૨૦૨૩ દરમ્યાન લગભગ ૯૦૦ થી વધુ મહિલાઓને તાલીમ આપી.

# શિક્ષણ એ પારસમણિ

મા-બાપનું પોતીકું થઈ ગયેલું આંગણું છોડી જ્યારે બાળક પ્રથમવાર અજ્ઞાત નિશાળના પ્રાંગણમાં પગ મૂકે છે ત્યારે માતા– પિતાની આ બાળકોને યોગ્ય કેળવણી આપવાની ફરજ શિક્ષકની વધારે થઈ જાય છે. ગાંધીજી અત્રે "શિક્ષણ" (ભણતર) નહીં પણ "કેળવણી" (સર્વાંગી વિકાસ તરફ દોરતું માર્ગદર્શન) શબ્દ પ્રયોજતા. તેઓ કહેતા, "કેળવણી તેને કહેવાય જે બાળકના સર્વાંગી વિકાસનું અને તેને તેની મહત્તમ ક્ષમતાનો ઉપયોગ કરવા સમર્થ બનાવે. વિદ્યાર્થીને સક્ષમ બનાવે તે કેળવણી..."

શ્રી પ્રતુલભાઈ શ્રોફ – કે જેઓ ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશનના સ્થાપક, માનવતાવાદી છે તેઓ દૃઢપણે માને છે કે "શિક્ષણ એ પારસમણી જેવા અમૂલ્ય રત્ન સમાન છે – જે પણ એના સંપર્કમાં આવે તેના જીવનમાં ધરમૂળ પરિવર્તન લાવવા (નખશિખ બદલી નાખવા) સક્ષમ પરિબળ છે. તેનાથી વ્યક્તિ પોતાની અંદર રહેલી ક્ષમતાથી પરિચિત જ નથી થતો પણ પોતાના પરિવારને ગરીબીની જકડમાંથી કાઢવાની બાંહેધરી આપતો માર્ગ પણ મેળવે છે."

શ્રી પ્રતુલભાઈ શ્રોફે સફળ ઉદ્યોગ સાહસિક તરીકેની કારકિર્દી બાદ પોતાના પિતાના સંસ્કારોથી સીંચાયેલા સ્વપ્નને સાકર કરવા માટે પોતાના તમામ કાર્યો સમેટી ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશન (KRSF)ની સ્થાપના કરી. અને ત્યારબાદ સમાજકાર્ય સાથે જોડાઈ ગ્રામીણ વિસ્તારમાં શિક્ષણની સ્થિતિનો તાગ મેળવ્યો. તેમને એ જણાયું કે ગામડાની સરકારી નિશાળોમાં જ્યાં અત્યાર સુધી લાખો વિદ્યાર્થીઓ ભણ્યા તેમાં પાછલા કેટલાક વર્ષોમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી રહી છે. ક્યાંક ઓછા વિદ્યાર્થીઓ હોવાના કારણે શિક્ષકોની ઘટના કારણે, તો ક્યાંક બાળકોના વાલીઓનો શાળાઓથી અસંતોષ હોવાને કારણે, તો ક્યાંક સરકારી શાળાની જગ્યાએ પ્રાઇવેટ શાળામાં મોકલવાની હઠને લીધે. કારણ કોઈપણ હોય, પણ શિક્ષણની કથળતી સ્થિતિ તેમણે જોઈ. શ્રી પ્રતુલભાઈએ આ પરિસ્થિતિને બદલવા કમર કસી.

સૌપ્રથમ જે પણ સરકારી શાળાઓમાં શિક્ષકોની ઘટ જણાઈ ત્યાં પૂરક શિક્ષક મુકવાનું શરૂ કર્યું. આજે KRSF ગ્રામીણ વિસ્તારની ૭૩૩ સરકારી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ સાથે મળી બાળકો

શિક્ષણ પ્રત્યે રૂચિ કેળવે અને શિક્ષણનું સ્તર ઊંચું આવે તે માટે ઘટતા શિક્ષકોની પૂર્તિ કરે છે.

એટલું જ નહીં, ટેક્નોલૉજીના માધ્યમથી અભ્યાસને સરળ અને રસપ્રદ બનાવવા માટે પણ કાર્યરત છે. આશરે ૮૦૦ થી વધુ શિક્ષકો અને ટીમ મેમ્બર્સ, શાળા શિક્ષકો, વાલીઓ અને સમાજ હિતેચ્છુઓ તેમજ બાળ કેળવણીમાં રસ દાખવતાં સર્વેની સહિયારી ભાગીદારી થકી સ્થાયી અને કાર્યક્ષમ મોડલ ઊભું કરવામાં સફળ બન્યા છે, જે માત્ર બાળકોના શિક્ષણ પૂરતું જ નહીં પણ તેમને સમાજના સફળ પ્રતિનિધિ બનાવવા માટે પણ સંનિષ્ઠ અને અસરકારક પ્રયત્નો આદરી રહ્યું છે. છેલ્લા ૧૦ વર્ષના અમારા કાર્યકાળમાં અમે ઘણા વિદ્યાર્થીઓ જોયા કે જેમણે સંસ્થાની મદદથી પોતાના તેમજ પરિવાર માટે નોંધપાત્ર પ્રગતિ કરી ઉજ્જ્વળ ભવિષ્ય કંડાર્યું છે જેનો શ્રેય સંસ્થાના સાથે સંકળાયેલા સમર્પિત શિક્ષકો અને સંસ્થાની કાર્યપ્રણાલીને જાય છે.

# દ્રઢતા





નાનકડાં બાળકો એમની દુનિયામાં મસ્ત. રમવું, ભણવું ને જે મળે તે ખાવું. ઘરમાં ભલે અભાવ હોય, કપડાં ભલે ફાટેલાં હોય, ખાવાનું બે ટંક મળે ન મળે પણ જીવવાનું બાળકો ન ભૂલે. વેડા ગામમાં બાળકોની ટુલ્લડ ભેગી થઈને રમે, મસ્તી કરે, પણ નાનકડા સિદ્ધાર્થને કોઈએ ટુલ્લડનો હિસ્સો ક્યારેય ન બનાવ્યો. એકલવાયો સિદ્ધાર્થ ગામની નિશાળમાં નિયમિત ભણવા જાય, પણ એ કોઈનો માનીતો ન બની શક્યો. કારણ, સિદ્ધાર્થને એક તકલીફ. સિદ્ધાર્થ પેશાબ રોકી ન શકે. સતત પેશાબ થઈ જવાના કારણે સિદ્ધાર્થ પાસેથી પેશાબની દુર્ગંધ આવ્યા કરે. એટલે સિદ્ધાર્થની બાજુમાં બેસવાનું કોઈ કરે નહીં, તેની સાથે કોઈ મિત્રતા કરે નહીં. સિદ્ધાર્થ એકલો-એકલો ઝૂર્યા કરે. માતાપિતા મજૂરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે. એમને સિદ્ધાર્થની બીમારીનો ખ્યાલ પણ માનસિક રીતે એવાં ભાંગી પડેલાં કે એમણે સિદ્ધાર્થની તકલીફો પ્રત્યે દુર્લક્ષ સેવ્યું. પિતા તો હારીથાકીને દારૂના નશામાં રત રહેવા લાગ્યા.

વેડા ગામની પ્રાથમિક શાળામાં પણ ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશન શિક્ષકોની ઘટપૂર્તિનું કામ કરે. ફાઉન્ડેશનના શિક્ષક નાગજીભાઈનું સિદ્ધાર્થ પર ધ્યાન ગયું. એમણે સિદ્ધાર્થને પીડામુક્ત કરવા શું થઈ શકે તે અંગે ફાઉન્ડેશનના પ્રમુખ અને અગ્રણી શ્રી ઉદયભાઈ દેસાઈ સાથે વાત કરી. સિદ્ધાર્થને અમદાવાદમાં લઈ આવવાનું નક્કી થયું. સિદ્ધાર્થના પિતા ફાઉન્ડેશનના કાર્યકર રાહુલભાઈ સાથે સિદ્ધાર્થને લઈને અમદાવાદની કિડની હૉસ્પિટલમાં (સિવિલ) આવ્યા. ઑપરેશન સહિત લાંબી સારવાર એવું નિદાન થયું. સિદ્ધાર્થને પીડામુક્ત કરવા આ બધું કરવા ફાઉન્ડેશને કમર કસી. અમદાવાદમાં કિડની હૉસ્પિટલના સતત ધક્કા ખાઈને સિદ્ધાર્થને સાજોનરવો કર્યો. જેમની સાથે લોહીનો કોઈ સંબધ નથી એવી વ્યક્તિઓ સિદ્ધાર્થ માટે આટલું બધું કરે એ વાત સિદ્ધાર્થના પિતા માટે નવાઈ પમાડે એવી હતી. શરૂઆતમાં તો એમના દીકરા માટે કોઈ ગાંઠના પૈસા, સમય શું કામ ખર્ચે એવું વિચારી એમને જાત-જાતની શંકાઓ

પણ થઈ. પણ જ્યારે ફાઉન્ડેશનના કાર્યકરોનો પવિત્ર ભાવ એમને સમજાયો ત્યારે એમને પોતાના પર ફિટકાર થયો. મારા દીકરા પર મેં ધ્યાન કેમ ના આપ્યું એવા પસ્તાવા સાથે એમણે મતિભ્રમ કરનારા દારૂને ત્યજ્યો.

નિશાળમાં ભણવા આવતું દરેક બાળક આનંદમાં છે એ તપાસવાનું ને જેને આનંદ નથી એ બાળક પાસે જઈને શું તકલીફ છે એ પૂછવાનું સામાન્ય રીતે શાળાના દરેક શિક્ષકે કરવું જોઈએ, પણ એવું થતું નથી. બાળક જન્મે અને જેમ-જેમ મોટું થતું જાય તેમ-તેમ માબાપ પાસેથી એ ઘણું શીખે. પાંચ-છ વર્ષે એ નિશાળમાં જાય. શિક્ષકો બહારની દુનિયાનો એને પરિચય કરાવે. આમ, બાળક માટે હૂંફનું બીજું સરનામું નિશાળ બને. પ્રાથમિક શાળામાં ભણતાં બાળકોને જ્યારે પૂછીએ કે મોટાં થઈને તમારે શું બનવું છે? તો મોટાભાગનાં બાળકોનાં મોઢે ‘શિક્ષક’ જ આવે. શિક્ષક એમના માટે આદર્શ. પણ શિક્ષણનું સ્તર કથળી રહ્યું છે. દેશના ભાવિનું જ્યાં નિર્માણ થઈ રહ્યું છે એ સરકારી શાળાઓમાં શિક્ષકોની ઘટ. કેટલીક શાળાઓમાં તો બે-ત્રણ વર્ગો એક જ શિક્ષક સંભાળતા હોય એવું પણ આપણે સાંભળીએ. અઘરું તો ત્યારે પણ લાગે જ્યારે છઠ્ઠા-સાતમા ધોરણમાં ભણતા વિદ્યાર્થીને વાંચતા લખતા ન આવડે.

પારસમણિ વિશે આપણે સાંભળ્યું છે. કહેવાય છે કે પારસમણિ લોઢાને સ્પર્શે તો લોઢું પણ સોનું બની જાય. ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશનના સ્થાપક શ્રી પ્રતુલભાઈ શ્રોફ શિક્ષણને પારસમણિ જેવું માને. પોતે સફળ ઉદ્યોગ સાહસિક. લાખો-કરોડો કમાયા. કમાણી પર મારા એકલાનો હક નહીં એવું એમણે માન્યું. અમેરિકામાં ધીકતો ધંધો મૂકી એંસીના દાયકામાં ભારતમાં આવવું એ નવાઈ લાગે એવું. ‘આવું ગાંડપણ કેમ કર્યું?’ જવાબમાં એમણે હસતાં-હસતાં કહ્યું, ‘એ અરસામાં ભારતમાં બે-ત્રણ પ્રકારની ગાડીઓનું જ ચલણ. વળી, ગાડી મેળવવામાં પણ લાઇન લાગે, ઇન્ટરનેટ નહીં,



‘એક બાળ એક વૃક્ષ’ થકી KRSF દ્વારા પર્યાવરણ સંવર્ધન



અમદાવાદ ઓફિસની ટીમ સાથે શ્રી પ્રતુલભાઈ શ્રોફ અને શ્રી ઉદયભાઈ દેસાઈ

ટેલિવિઝન પર જાતભાતની ચેનલ. ટૂંકમાં, આપણે અમેરિકા કરતાં ઘણા પાછળ. દેશમાંથી જેમને મોકો મળે એ ભારત છોડી વિદેશ, એ પણ અમેરિકા, જવા મળે તો છોડે નહીં. એ બધું સાચ્ચું, પણ મારે મારી દીકરી - એ વખતે એ બે વર્ષની હતી - ભારત જાણે એમ કરવું હતું. મારાં માતાપિતા પાછલી અવસ્થામાં મને ઝંખે ને હું દૂર હોઉં એ મને ગમ્યું નહીં. અને ખાસ ભારતમાં રહીને દેશની સમસ્યા સમજી. પારસમણિ રૂપી શિક્ષણક્ષેત્રે કાર્ય કરી દેશની શકલ બદલાની ધૂનકી માથે ચડેલી એટલે ભારત આવ્યો. સંઘર્ષ ઘણા રહ્યા. પણ સ્વામી વિવેકાનંદે કહેલું - 'ઊઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ માટે મંડ્યા રહો! - એ વાક્ય મારી સામે હંમેશાં રહ્યું ને હું મંડ્યો રહ્યો, અને એ પણ થાક્યા વગર.' પ્રતુલભાઈને શ્રી ઉદયભાઈ દેસાઈનો સાથ મળ્યો. શ્રી ઉદયભાઈ સૉફ્ટવૅર ક્ષેત્રમાં કામ કરે. એમને આમ તો શિક્ષણ સાથે કોઈ લેવાદેવા નહીં, પણ એમનેય શ્રી પ્રતુલભાઈ જેવી ધૂનકી. આમ, બેઉનો સુયોગ થયો. શ્રી ઉદયભાઈ કહે, 'મારું કામ ખાડા શોધવાનું.' પહેલીવાર એમના મોઢે આ સાંભળ્યું ત્યારે નવાઈ લાગેલી! શેના ખાડા? પછી ખબર પડી પ્રાથમિક શાળામાં શિક્ષકોની ઘટને ઉદયભાઈ ખાડા કહે. એ ખાડાની પૂર્તિ માટે એમણે તાલીમબદ્ધ શિક્ષકો મૂકવાનું નક્કી કર્યું.

વડાલીની ઓગણીસ પ્રાથમિક શાળાના આચાર્યો સાથે બેઠક કરી. ફાઉન્ડેશન શિક્ષકની ઘટપૂર્તિ કરશે એવું જણાવ્યું. વાતને ગંભીરતાથી લેવાઈ નહીં. તમારા જેવા ઘણા આવ્યા પણ સતત કોઈએ કશું કર્યું નથી એવો તેમનો મત. ઉદયભાઈએ દલીલ કરવા કરતાં કરી બતાવવાનું નક્કી કર્યું. પાંચ શાળાઓમાં એમણે શિક્ષક મૂક્યા. આચાર્યે પોતાની શાળાના છઠ્ઠા-સાતમા ધોરણમાં ભણતાં અને વાંચતા લખતા ન આવડતું હોય તેવાં બાળકોનો અલાયદો વર્ગ કરીને શિક્ષકને આપ્યો. કસોટી કરવાની હોય એવો જાણે તકાજો. પાંચ શાળામાં ૧૭૩ બાળકોને ભણાવવાનું ફાઉન્ડેશનના શિક્ષકોએ




*વડાલી ક્લસ્ટર ટીમ સાથે શ્રી પ્રતુલભાઈ શ્રોફ (વચ્ચે - ડાબે) અને શ્રી ઉદયભાઈ દેસાઇ (વચ્ચે - જમણે)*

શરૂ કર્યું. વર્ષના અંતે ૧૭૩માંથી ૧૧૯ને લખતા વાંચતા આવડી ગયું. વળી, ફાઉન્ડેશનના શિક્ષકો શિસ્તબદ્ધ કામ કરે. અમારી ફરજ નથી એવું ક્યારેય સરકારી શાળાના શિક્ષકોને કહ્યું નહીં. વળી, સિદ્ધાર્થ જેવાં બાળકોને શોધીને તેમને કઈ રીતે મદદરૂપ થવું એ કામ પણ ફાઉન્ડેશનના શિક્ષકો કરવા માંડ્યા. શરૂઆતમાં 'સંસ્થાના શિક્ષકો' એવી ટૅગ સરકારી શાળાના શિક્ષકો આપતા, ધીમે-ધીમે એ ટૅગ દૂર થઈ.

ફાઉન્ડેશન આજે દર મહિને ૮૦૦ થી વધુ શિક્ષકો અને ટીમ મેમ્બર્સને પગાર ચૂકવે. દૃઢતા સાથે શ્રી પ્રતુલભાઈ કહે, 'ગરીબ બાળકો માટે સરકારી નિશાળ એવી સામાન્ય સમજણ આજે બની છે. ગામોમાં પણ ખાનગી શાળાઓનું પ્રમાણ વધી રહ્યું છે. દરેક બાળક શિક્ષણ મેળવી શકે તે માટેની વ્યવસ્થા સરકારે ગામડે-ગામડે કરી છે. એ વ્યવસ્થામાં ભણીને જ દેશને અબ્દુલ કલામ ને નરેન્દ્ર મોદી મળ્યા છે. ત્યારે એ વ્યવસ્થા અખાડે જાય તે કોઈ કાળે પોષાય નહીં. સરકારી નિશાળનું મૉડલ વ્યાપક બને, ખાનગીની જગ્યાએ સરકારી શાળામાં મહત્તમ બાળકો ભણતાં થાય તે માટે જે કરવું પડે એ કરીશ.' સરકારે ખાસ તો શિક્ષણ વિભાગે આવા સ્વપ્નદ્રષ્ટા સાથે બેસી અખાડે જઈ રહેલી શિક્ષણ વ્યવસ્થાને સુદૃઢ કરવા શું કરવું તે વિચારવું જોઈએ.




*ખેડબ્રહ્મા ક્લસ્ટર ટીમ સાથે શ્રી પ્રતુલભાઈ શ્રોફ (વચ્ચે - ડાબે) અને શ્રી ઉદયભાઈ દેસાઇ (વચ્ચે - જમણે)*


# 'બાળક પ્રથમ'




*તરાળફળો પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી પંકજભાઈ (ડાબે), કિશન અને ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશનના શિક્ષક રાજેશભાઈ*

કિશન નાનકડો. એને માતા અને પિતા બેઉનો પ્રેમ જોઈએ, પણ એ એના નસીબમાં નહોતો. કિશન પાંચ વર્ષનો થયો ત્યારે એના પિતાને જેલ થઈ. છ વર્ષનો થયો અને એનું નામ નિશાળમાં લખાવ્યું. નિશાળમાં જવાની એની નિયમિતતાની ચકાસણી કોણ કરે? કિશનની મોટીબહેન ભણે, પણ માની જેમ એનુંયે ધ્યાન કિશન પર નહીં. કિશન સાત વર્ષનો થયો તો મા પરણીને બીજે જતી રહી. કિશન હવે મોટીબહેન અને દાદા-દાદી સાથે રહી પડ્યો. કિશનનું અસ્તિત્વ ખરું, પણ પ્રિયજનો એને મોટો કરવામાં રાખવી જોઈએ એવી દરકાર રાખી શકે નહીં. કિશન મોટો થઈ રહ્યો હતો, પણ એને સરખું વાંચતા લખતાય આવડતું નહીં.

કિશન સાબરકાંઠાના ખેડબ્રહ્મા તાલુકાના તરાળફળો ગામનો. તરાળફળોની પ્રાથમિક શાળામાં એ ભણે. તરાળફળોની પ્રાથમિક શાળામાં શિક્ષકોની ઘટ. શાળાના આચાર્ય શ્રી પંકજભાઈએ શિક્ષકની ઘટપૂર્તિ માટે ડૉ. કે.



*કિશનનું ઘર*



*કિશન અને કિશનના દાદા*

આર. શ્રોફ ફાઉન્ડેશનને રજૂઆત કરી. ફાઉન્ડેશને રાજેશભાઈને શાળામાં શિક્ષક તરીકે મૂક્યા. રાજેશભાઈએ કિશનના ઘરે જવાનું નક્કી કર્યું. તેઓ કિશનના ઘરે ગયા. ઘરની સ્થિતિ જાણી. એ પણ જાણ્યું કે ભણવામાં કિશનની કોઈ રુચી નહીં. રાજેશભાઈએ કિશનને પ્રેમથી સમજાવ્યો ને એને નિશાળમાં લઈ આવ્યા. આચાર્ય શ્રી પંકજભાઈએ કિશનને હૂંફ આપી. ભણીએ તો શું બની શકાય એ સમજાવ્યું. કિશન સમજ્યો. નિશાળમાં નિયમિત આવવા લાગ્યો. રાજેશભાઈ વર્ગમાં કિશન પર વધારે ધ્યાન આપવા લાગ્યા. કિશનને અંગ્રેજી, ગણિત વિષયથી બીક લાગતી. આ વિષયો એમણે કિશનને ખોળામાં બેસાડીને શીખવ્યા.

કિશનને નિશાળ ગમવા લાગી. ઘરે જવાનું મન ના થાય એવી એને ગમવા લાગી. એક દિવસની રજા પણ એને કઠવા લાગી. હવે તો એ અંગ્રેજીમાં નાનાં-નાનાં વાક્યો બનાવીને બોલવા માંડ્યો છે. દેશની હજારો નિશાળમાં કિશન જેવા કેટલાંય બાળકો હશે, જે ડરનાં માર્યાં કે કોઈ સંજોગોના કારણે નિશાળમાં જવાનું માંડી વાળે છે. શિક્ષકો આવાં બાળકોને શોધી, શાળા સુધી લઈ આવવાનું કરે તો તેમની જિંદગી સુધરી જાય.

આજે કિશન પોલીસ બનવાનું સ્વપ્ન જોવા માંડ્યો છે. કિશનની આંખને સ્વપ્ન જોતી કરવામાં ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશનનો ને શાળાનો ફાળો મહત્ત્વનો. ફાઉન્ડેશનના સ્થાપક શ્રી પ્રતુલભાઈ શ્રોફનું 'બાળક પ્રથમ'નું સૂત્ર ફાઉન્ડેશનના શિક્ષકો બરાબર સમજે, એટલે જ રાજેશભાઈએ કિશનની ભાળ કાઢી. બસ 'બાળક પ્રથમ' એ દરેક શાળાના દરેક શિક્ષકનું સ્વપ્ન બને તો એક પણ બાળક શાળાથી વિમુખ નહીં થાય એ નક્કી.

# એક નિશાળ ભૂતકાળ બનતા બચી



*બંધ પડેલી શાળા ફરી ખૂલતાં આનંદની મુદ્રામાં બાળકો*

એક નિશાળ ભૂતકાળ બનતા બચી.

કેવી રીતે થયું? ચાલો જાણીએ!

શાળા વ્યવસ્થાપન સમિતિ વિશે તમને ખ્યાલ છે?

ભારત દેશમાં ફરજિયાત શિક્ષણ ધારો અમલી બન્યો એમાં આ સમિતિની જોગવાઈ થઈ. આ જોગવાઈને લીધે શાળા વ્યવસ્થાપન સમિતિઓ તો દરેક નિશાળમાં બની, પણ સાબરકાંઠાના વડાલી તાલુકાના વડગામડાની શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યોની જાગૃતતાના લીધે એક નિશાળ ભૂતકાળ બનતા બચી ગઈ.

કોવિડની મહામારી ફેલાઈ એ પહેલાં વડગામડાની પ્રાથમિક શાળા ડચકા લેતી હતી. ધોરણ ૧થી ૫ સુધીની નિશાળમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૨૩ થઈ એટલે વડગામડાની નિશાળને

> વર્ષ ૨૦૧૯થી ૨૦૨૩ સુધી ૨,૯૬૦ વિદ્યાર્થીઓને NMMS યોજના અંતર્ગત શિષ્યવૃત્તિની પરીક્ષા આપવા માટે તૈયાર કર્યા જેમાંથી ૧,૭૩૧ વિદ્યાર્થીઓ પાસ થયા અને ૨૦૧ વિદ્યાર્થીઓને દર મહિને ₹ ૧,૦૦૦ મળવાના શરૂ થયા...

બાજુના ગામની નિશાળમાં ભેળવી દેવાઈ અને વડગામડાની નિશાળના દરવાજે તાળું મરાઈ ગયું. વડગામડાની શાળા વ્યવસ્થાપન સમિતિને આ કઠ્યું. વડગામડાના લોકો આ નિશાળમાં ભણેલા. બધાનાં સુંદર સ્મરણો નિશાળ સાથે જોડાયેલાં. નિશાળના દરવાજે તાળું લટકતું જોઈને ગામલોકોનો જીવ બળે. આખરે બધાએ નિશાળને ફેર ચાલુ કરવાનો પાક્કો નિર્ધાર કર્યો. જે વાલીઓ ગામની નિશાળમાં એમનાં બાળકોને નહોતા ભણાવતા એ વાલીઓને શાળા



બંધ પડેલી નિશાળ ફેર ચાલુ થતાં વર્ગખંડમાં બાળકો



એક સમયે બંધ પડેલી વડગામડાની નિશાળ

વ્યવસ્થાપન સમિતિના સભ્યોએ નિશાળ ભૂતકાળ બને તો ગમે? એવો વેધક સવાલ કર્યો. જવાબ શું મળશે એની સૌને ખબર હતી.

સૌ એમનાં બાળકોને ગામની નિશાળામાં પરત લઈ આવ્યા. બાળકોની સંખ્યા ૭૫ની થઈ. શાળા વ્યવસ્થાપન સમિતિએ પોતાના ખર્ચે એક શિક્ષકની નિયુક્તિ કરી. બીજા શિક્ષકો માટે શાળા વ્યવસ્થાપન સમિતિએ અમને એટલે કે ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશનને રજૂઆત કરી. અમારું તો કામ જ આવા ઉત્સાહને વધારવાનું. અમે બે શિક્ષકો મૂક્યા. શાળા વ્યવસ્થાપન સમિતિની સાથે-સાથે ગામને પણ હિંમત આવી. નિશાળનો ઘંટ ફરી વાગવા માંડ્યો. ગામલોકો પહોંચ્યા જિલ્લા શિક્ષણાધિકારી પાસે અને સરકાર શિક્ષક મૂકે તેની માંગ કરી. સરકાર આવા ઉત્સાહી ગામોમાં શિક્ષક કેમ ન મૂકે? સરકારે ત્રણ શિક્ષક મૂક્યા. પછી અમે એક શિક્ષકને ત્યાંથી ખસેડ્યા.

સરકારે મૂકેલા શિક્ષકો પણ કટિબદ્ધ. શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો શિક્ષકોને પૂર્ણ રીતે મદદ કરે જેના લીધે બાળકોને પણ નિશાળ ખૂબ ગમે. વડગામડાની પ્રાથમિક શાળામાં ભણતાં તમામ બાળકોને વાંચતા-લખતા આવડે. શિક્ષકોએ બાળકોને ભણાવવાની અવનવી રીતો પણ શોધી.

સમિતિના સભ્યોમાં ઈશ્વરભાઈ, કલ્પેશભાઈ, હસમુખભાઈ સહિત કુલ ૧૩ જેટલા સભ્યોની સક્રિયતાને સલામ. દેશની દરેક સરકારી નિશાળમાં આવી સક્રિય વ્યવસ્થાપન સમિતિઓ થઈ જાય તો સરકારી શાળાઓની સિકલ બદલાઈ જાય.



શિક્ષકો સાથે શાળા વ્યવસ્થાપન સમિતિનાં સભ્યો

# શું બાળકોએ પોતાના અભ્યાસ માટે કોઈના ઓશિયાળા થવાની જરૂર ખરી?



મધ્યાહન ભોજન યોજના વંચિત બાળકોને શાળામાં લઈ આવવા કારગત નીવડી. લુણાવાડાના એક આર્મીમેને જાહેરમાં કહેલું કે, હું શાળામાં મધ્યાહન ભોજન મળતું એટલે જ જતો અને એના લીધે જ હું ભણ્યો.

સરકાર દેશની સ્થિતિ સમજીને વિવિધ યોજનાઓ કાર્યાન્વીત કરે. એનાથી અંતરિયાળ વિસ્તારમાં રહેનાર સૌને એની મદદ મળે એમ ઈચ્છે. સરકાર દ્વારા ચાલતી મજાની યોજનાની આજે વાત કરવી છે.

હોંશિયાર વિદ્યાર્થીઓ શાળા છોડી ન દે. શાળામાં તેઓ ટકી રહે તે માટે સરકાર દ્વારા NMMS પરીક્ષા લેવામાં આવે. ધો. ૮માં ભણતા વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપી શકે અને એ પાસ કરવા એમને ઘણી મહેનત કરવી પડે. પણ જો પરીક્ષા પાસ કરી લે તો ધો. ૧૨ સુધી બાળકોને માસીક ₹ ૧,૦૦૦ની સ્કોલરશીપ મળે. જે એમને ભણવા માટે કામ આવે.

ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશન આ સ્કોલરશીપની મદદ દરેક હોંશિયાર વિદ્યાર્થીને મળે તે માટે પ્રયત્નશીલ. એ માટે જે તે સરકારી શાળાના શિક્ષકોની સાથે સાથે ફાઉન્ડેશનના શિક્ષકો પણ હોંશિયાર વિદ્યાર્થીઓને ખાસ અલાયદી તૈયારી કરાવે. અત્યાર સુધી ૧,૭૩૧ વિદ્યાર્થીઓને NMMS પરિક્ષા પાસ કરાવવામાં ફાઉન્ડેશને મહત્વની ભૂમિકા ભજવી છે.




તાજેતરમાં સાબરકાંઠાના કુબાધરોલ ગામમાં જવાનું થયું. ત્યાં હાઈસ્કૂલમાં ભણતી નિષ્ઠા અને પૂર્વા બેય દીકરીઓએ આ પરિક્ષા પાસ કરી. ફાઉન્ડેશનના શિક્ષક રશ્મીકાબહેન તેમજ નિકુંજભાઈની શાળાના શિક્ષકોની સાથે આ બેય દિકરીઓને પરીક્ષાની તૈયારી કરાવવામાં મહત્વની ભૂમિકા.

બેય દીકરીઓના સ્વપ્ન બહુ મોટા. હજારો બાળકો આ પરિક્ષા આપે એમાંથી ચોક્કસ સંખ્યામાં પાસ થતા બાળકોમાં તેમનો નંબર આવવો એ તેમના પરિવાર માટે પણ ગર્વની વાત.

નિષ્ઠા અને પૂર્વાને શ્રી પ્રતુલભાઈ શ્રોફ રૂબરૂ મળ્યા. બેય દીકરીઓને તેમણે બીરદાવી તેમજ ડૉક્ટર-એન્જીનીયર સિવાય પણ ઘણા એવા કોર્સ છે જે કરીને નોખી કારકીર્દી બનાવી શકાય તે અંગે માર્ગદર્શન પણ આપ્યું. બેય દિકરીઓ કુબાધરોલ ગામનું નામ રોશન કરે એવી શુભેચ્છા...



# મારેય શિક્ષક બનવું છે, મારી માનું સપનું પૂરુ કરવા



*KRSF સ્કોલરશીપ પ્રોગ્રામ, જાગૃતિનું સપનું અને સંસ્થાના કર્મઠ શિક્ષકો*

'મારે શિક્ષક બનવું છે...' સાતમાં ધોરણમાં ભણતી જાગૃતિએ પોતાનું સ્વપ્ન કહ્યું. 'કેમ?' શિક્ષકે પુછ્યું. 'મારી મા શિક્ષક હતી.' વિચારોના વમળમાંથી બહાર આવતા પણ દૃઢ નિશ્ચય સાથે જાગૃતિ બોલી.

'હતી' સાંભળી જાગૃતિની મા ન હોવાનો ખ્યાલ આવ્યો. મા મૃત્યુ પામી પછી પિતાએ બીજા લગ્ન કર્યા. નવી મા પણ જાગૃતિનું ધ્યાન રાખે છતાં પોતાની મા સાથેના સંસ્મરણો જાગૃતિના મનમાં અકબંધ એટલે માની જેમ શિક્ષક બનવાનું એણે નક્કી કર્યું. જાગૃતિના પિતા નાનકડી ખેતી કરે. આમ પણ, આદિવાસી વિસ્તારમાં દરેક પાસે કાંઈ મસમોટી જમીન ન હોય. વળી નાની જમીનમાંય પાણી ન હોય એટલે પિતા કામ ધંધા માટે શહેરમાં સ્થળાંતર કરે.


જાગૃતિ ભણવામાં હોંશિયાર. 'એને જો ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશન સ્કોલરશીપ પ્રોગ્રામમાંથી સ્કોલરશીપ મળી જાય તો એના ભવિષ્યના અભ્યાસની કેડી સુરક્ષિત થઈ જાય ને પરિવારને પણ ટેકો થાય' એ આશયથી KRSF દ્વારા સાબરકાંઠાની ટેબલા પ્રાથમિક શાળામાં મૂકાયેલા અમારા શિક્ષક ચેતનાબહેને મહેનત આદરી. બસ જાગૃતિને સ્કોલરશીપ માટેની પરીક્ષા પાસ કરાવવાની એટલું જ.

આર્થિક સ્થિતિ નબળી હોય ત્યાં પરિવારો બાળકોને એક હદ સુધી ભણાવે પણ થાકે ત્યારે ભણતર છોડાવી બાળકોને કામે લગાડી દે. પણ આવા બાળકોને સ્કોલરશીપ પેટે માસીક ₹ ૧,૦૦૦નો ટેકો મળતો થાય તો મા-બાપ તેની લાલચે પણ બાળકોનું ભણતર ન છોડાવે. આ

અમારા સ્કોલરશીપ કાર્યક્રમનો હેતુ. KRSF થકી અત્યાર સુધી ૧૮૪ બાળકોને માસીક સ્કોલરશીપ અપાઈ રહી છે. વળી આ સ્કોલરશીપ વર્ષો વર્ષ ચાલુ રહે તે માટે દરેક બાળકે ફાઉન્ડેશન દ્વારા લેવાતી પરીક્ષા દર વર્ષે પાસ કરવાની. આમ, બાળક લગનથી ભણે ને એક મુકામ પર પહોંચે. જાગૃતિને ચેતનાબહેને તૈયારી કરાવી ને એ પાસ થઈ. હવે તેને નિયમીત સ્કોલરશીપ મળવા માંડશે. જાગૃતિની નવી મા અને પિતા બંને એનાથી રાજી છે. એમની ઈચ્છા પણ ખરી કે જાગૃતિ ખુબ ભણે ને એની માતાનું સ્વપ્ન પૂર્ણ કરે. ચેતનાબહેને જાગૃતિ પાછળ ઘણી મહેનત કરી. તેઓ કહે, 'ફાઉન્ડેશનનું મુખ્ય સૂત્ર બાળક પ્રથમ. જો એના કલ્યાણ માટે જ વિચારવાનું છે તો પછી થોડી પણ પાછી કેમ પડું. જાગૃતિની પ્રગતિથી હું ખૂબ ખુશ છું.' આદરણીય પ્રતુલભાઈ શ્રોફ જાગૃતિ જેવા બાળકો તેમજ ચેતના બહેન જેવા શિક્ષકો વધારે પ્રોત્સાહીત થાય તે માટે ખાસ તેમના ઘરે જાય, તેમને મળે જેથી તેમને પણ પ્રોત્સાહન મળે...

દુનિયાનું દરેક બાળક ખુશ, તંદુરસ્ત અને જાગૃતિની જેમ પ્રગતિશીલ રહે તેવી શુભકામના...

# ટીમવર્ક થકી સારા પરિણામની આશા



*શાળાના સમય સિવાય પણ વિદ્યાર્થીઓને ભણાવવાનું કરતાં ફાઉન્ડેશનનાં શિક્ષકોમાંનાં એક નિર્મલબહેન*

કોઈ પણ કાર્યમાં સફળતા અથવા નિષ્ફળતા મળી શકે. સફળ થઈએ તો હર્ષ વહેંચીએ ને નિષ્ફળ થઈએ તો દુ:ખી થવાને બદલે કચાશ ક્યાં રહી ગઈ તે તપાસી થયેલી કચાશને સુધારવાનું કરીએ.

ધોરણ દસના નબળા પરિણામે શાળાના આચાર્યથી લઈને શિક્ષકોની ઊંઘ હરામ કરી દીધી. મહેનતમાં ક્યાં કચાશ રહી તે તપાસવાનું શિક્ષકગણે શરૂ કર્યું.

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના શ્યામનગર ગામની હાઇસ્કૂલમાં ભણતાં બાળકો નિશાળેથી ઘરે જાય પછી ઘરે પણ મહેનત કરતાં હશે, વાલીઓ એમના પર ધ્યાન આપતા હશે એવું શિક્ષકોએ માનેલું. વાલીઓ ઓછું ભણેલા. પોતાનાં બાળકો પગભર થાય, સરસ જગ્યાએ પહોંચે, પોતે વેઠે છે એવી વિપદા એમને વેઠવી ન પડે એવાં સમણાં સેવે. ભણતરથી એ સમણાં સાકાર થશે એમ પણ માને, પણ બાળકોને ઘરે ભણવા પ્રોત્સાહિત કરવાનું તેઓ ઝાઝું કરી ન શકે. અલબત્ત, એ બાબતની સમજણ પણ નહીં.

ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશને શ્યામનગરની હાઇસ્કૂલમાં શિક્ષકની ઘટપૂર્તિ કરેલી. સંસ્થા તરફથી મૂકેલાં નિર્મલબહેને શાળાના આચાર્યશ્રી જયેશભાઈ જોષી સાથે મળી વાલીઓનો સંપર્ક કર્યો. વાલીઓ ઇચ્છે

KRSF દ્વારા ૨૦૨૨થી જરૂરિયાતમંદ અને હોશિયાર હોય એવાં ૨૦૧ બાળકોને અત્યાર સુધી દર મહિને ₹ ૧,૦૦૦ની સ્કોલરશિપ આપવામાં આવી છે. સ્કોલરશિપમાં પુસ્તકો, કરિયાણું, ગરમ કપડાં, સ્કૂલનાં કપડાં, સ્કૂલ બેગ વગેરે આપવામાં આવે છે



*દસમા ધોરણના વિદ્યાર્થીઓ સાથે નિર્મલબહેન અને ધરતીબહેન*

તો પણ બાળકો પાછળ મહેનત નહીં કરી શકે એવું સંપર્ક દરમ્યાન એમને લાગ્યું. છેવટે શિક્ષકોએ પોતાની રીતે એક રણનીતિ ઘડી. એમણે ફાઉન્ડેશન પાસે વધુ એક શિક્ષકની માંગણી કરી. ફાઉન્ડેશને ધરતીબહેનને નિયુક્ત કર્યાં.

ધોરણ દસમાં કુલ ૨૮ વિદ્યાર્થીઓ. શાળાના અને ફાઉન્ડેશનના શિક્ષકોએ વિદ્યાર્થીઓને વહેંચી દીધા. દરેક શિક્ષકના ભાગે ચાર વિદ્યાર્થીઓ આવ્યા. વિદ્યાર્થીઓ પાછળ શિક્ષકોએ મહેનત કરવાનું શરૂ કર્યું છે. શાળાના સમય સિવાય પણ વિદ્યાર્થીઓને ભણાવવાનું ફાઉન્ડેશનના શિક્ષકો કરી રહ્યા છે. ફાઉન્ડેશન દ્વારા લેવાતી ૨૦ માર્કસની પરીક્ષામાં શરૂઆતમાં વિદ્યાર્થીઓ માંડ ૪થી ૫ માર્કસ લાવતા. સતત મહેનત અને પ્રયત્નથી હવે વિદ્યાર્થીઓ ૧૨થી ૧૪ માર્કસે પહોંચ્યા છે. પોતાની શાળાનું ધોરણ દસનું પરિણામ ઊંચું લાવવાનો નિર્ધાર શાળાના શિક્ષકોએ કર્યો છે જે ટીમવર્કથી પૂર્ણ થશે એવું પાક્કું લાગી રહ્યું છે.

ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશનની
શિક્ષણ-પ્રવૃત્તિ

| Year | School | Student |
|---|---|---|
| 2012-13 | 6 | 176 |
| 2013-14 | 53 | 1876 |
| 2014-15 | 111 | 3880 |
| 2015-16 | 105 | 13041 |
| 2016-17 | 251 | 24295 |
| 2017-18 | 277 | 25496 |
| 2018-19 | 362 | 28382 |
| 2019-20 | 408 | 32866 |
| 2021-22 | 429 | 35377 |
| 2022-23 | 477 | 37577 |
| 2023-24 | 667 | 46690 |

જિલ્લા શિક્ષણ અધિકારીથી લઈને વહીવટીતંત્ર તેમજ ફાઉન્ડેશનની અમારી ટીમ પણ શ્યામનગરની હાઇસ્કૂલના શિક્ષકોને આ બાબતે સતત પ્રોત્સાહિત કરી રહી છે. એક નિર્ધાર શું કરી શકે તે આપણે વર્ષ ૨૦૨૪માં આવનારી ધોરણ દસની પરીક્ષાના પરિણામમાં જોઈશું. પણ મજાની વાત કટિબદ્ધતાની છે. દરેક ગામની શાળા, હાઇસ્કૂલ આ પ્રકારે કટિબદ્ધ થાય એવું ઇચ્છીએ.

# સંસ્થા થકી સુરેશ મેડિકલ કૉલેજમાં

સુરેશના પરિવારની આર્થિક સ્થિતિ નબળી. ખેતમજૂરી કે જે મળે તે છૂટકમજૂરી કરીને પરિવાર પેટિયું રળે. માતાપિતાનાં બે સંતાનમાં મોટો સુરેશ. સુરેશ ગામની પ્રાથમિકશાળામાં ભણવા જાય. સુરેશ ભણવામાં ખૂબ હોંશિયાર. સુરેશ છઠ્ઠા ધોરણમાં હતો ત્યારે એના પિતા ગુજરી ગયા. પિતાની છત્રછાયા ગુમાવ્યા પછી મા એને એકલા હાથે મોટો કરી શકશે કે કેમ તે અંગે શંકાઓ થઈ. ક્યાંક તો ભણવાનું છોડી સુરેશ પણ માની મદદમાં લાગી જશે એવી વાતો પણ થઈ.

સુરેશ જ્યાં ભણતો એ શાળામાં શિક્ષકોની ઘટ. ઘટની પૂર્તિ 'ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશને' કરેલી. સંસ્થાના શિક્ષકના ધ્યાને સુરેશના ઘરની સ્થિતિ આવી. સુરેશ ભણવાનું છોડી દેશેની દેહશત વિશે પણ ખ્યાલ આવ્યો. શિક્ષકે સંસ્થાના કાર્યકર્તાઓ સાથે આ બાબતે નક્કર કશુંક કરવાની વાત કરી. સૌએ મળીને સુરેશનાં માતાને સમજાવ્યાં અને જણાવ્યું કે ભણવાના ખર્ચને પહોંચી વળવા સરકારની NMMS પરીક્ષા આવે. વિદ્યાર્થી આ પરીક્ષા પાસ કરે તો દર મહિને તેને ૧૨મા ધોરણ સુધી ૧૦૦૦ રૂપિયા મળે. સુરેશનાં માતા રાજી થયાં. પરીક્ષા પાસ કરાવવામાં સંસ્થાના શિક્ષકોએ સુરેશને મદદ કરી. સુરેશે પરીક્ષા પાસ કરી. દર મહિને ૧૦૦૦ રૂપિયા મળવાથી સુરેશને બળ મળ્યું.

સંસ્થાના કાર્યકરોની સતત હૂંફથી સુરેશ ધોરણ ૧૨ સુધી પહોંચ્યો. એની ઇચ્છા ડૉક્ટર થવાની. સુરેશે ખૂબ મહેનત કરી. પરિણામે બારમા ધોરણમાં ટકા સરસ આવ્યા. સુરેશનાં માતા અને અન્ય પરિવારજનોએ સ્નાતક થઈ સરકારી



સુરેશ

નોકરી મેળવવા જે ભણવું પડે એ જ ભણવાનું કહ્યું. પણ સુરેશનું મન મેડિકલમાં જવાનું. સંસ્થાના કાર્યકરો ફરી સુરેશની વહારે આવ્યા. એમણે સુરેશના પરિવારને સમજાવ્યો અને NEETની તૈયારી માટે સુરેશને અમદાવાદમાં લઈ આવ્યા. કોચિંગ ક્લાસમાં એને દાખલ કરાવ્યો.

NEETની પરીક્ષા પણ સુરેશે સારા માર્ક્સ સાથે પાસ કરી. હિંમતનગરની સરકારી મેડિકલ કૉલેજમાં એને પ્રવેશ મળ્યો. મેડિકલ કૉલેજમાં એનાં ભોજન તેમજ અન્ય જરૂરી ખર્ચ મહિને ૩૦૦૦ રૂપિયા જેટલો થાય. આટલો ખર્ચ સુરેશનાં માતા ઉપાડી શકે નહીં. સુરેશને ટેકો રહે એટલે આ રકમ સંસ્થા આપે.

મેડિકલમાં જવાનું સ્વપ્ન સાકાર કરવા માટે સુરેશને એવી વ્યક્તિઓએ મદદ કરી જેમની કોઈ ફરજ સુરેશ માટે નહોતી. સુરેશ આજે ઘણો રાજી. ભણીને સમાજને ઉપયોગી કાર્યોમાં પોતાનાથી થતું કરશે એવી એની મનછા. આ મનછા એના ઘડતરમાં મદદ કરનાર સંસ્થા થકી એનામાં આવી. સુરેશ ખૂબ સફળ થાય અને એની મનછાને પૂરી કરે એવી શુભભાવના.

# આવાં શિક્ષક હોવાનો ગર્વ

ઘરની આર્થિક સ્થિતિ તદ્દન મોળી. એક સાંધે ત્યાં તેર તૂટે એવી સ્થિતિ. માબાપ વગરનો રોહિત નાનકડો. દાદી અને કાકા એને ઉછેરે. રોહિતના ભણતર પર કોઈ ખાસ ધ્યાન આપી ન શકે. ઘરમાં ક્યારેક ખાવાનું ન હોય ને ભૂખ સહન ન થાય એટલે રોહિત ભીખ માંગી ખાય. એનો દીદાર પરિવાર વગરના રઝળતા છોકરા જેવો. રોહિત ગઢડા તાલુકાના ઢસા ગામમાં રહે.

અમારી સંસ્થા ‘ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશન’ શિક્ષકોની ઘટપૂર્તિ કરે. શિક્ષકોને બાળકો સાથે કેવી રીતે કામ કરવું, રુચિ લઈને બાળકોને ભણતાં કેવી રીતે કરવાં, બાળકોને સંસ્કારલક્ષી શિક્ષણ કેવી રીતે આપવું વગેરે વખતોવખત તાલીમ આપીને શીખવીએ. ઢસાની પ્રાથમિક શાળામાં શિક્ષકોની ઘટ. કીર્તિબહેનને ઘટપૂર્તિ માટે જ અમે ઢસામાં મૂકેલાં. કીર્તિબહેન લાગણીશીલ શિક્ષક. એક દિવસ એમનું ધ્યાન ભીખ માંગી રહેલા લઘરવઘર દીદારવાળા રોહિત પર પડ્યું. કીર્તિબહેને રોહિતને જોઈ મોં ન મચકોડ્યું ન પાર્લે બિસ્કિટનું પૅકેટ આપી સંતોષ માન્યો. એમણે રોહિતને નિશાળમાં આવવા માટે સમજાવ્યો. ભણીએ તો શું થાય એ સમજાવ્યું. પરિણામે રોહિત નિશાળમાં આવવા તૈયાર થયો. ઉંમર પ્રમાણે એને બીજા ધોરણમાં પ્રવેશ મળ્યો.



રોહિત

નિયમિતતાના પ્રશ્નો રહેશે એવું કીર્તિબહેન અને આખી નિશાળને લાગતું. કીર્તિબહેને માની ભૂમિકા ભજવી. નિયમિત શાળામાં આવવા માટે રોહિતને સતત પ્રોત્સાહિત કર્યો. હાલ રોહિત ત્રીજા ધોરણમાં ભણે છે. એનો દીદાર પણ સાવ બદલાઈ ગયો છે.

શિક્ષક શું કરી શકે? કીર્તિબહેનના ઉદાહરણથી સમજી શકાય.

અમારી સાથે આવાં શિક્ષક હોવાનો ગર્વ.

# રમતગમત શિક્ષણનું અનિવાર્ય અંગ




*વિશ્વ મંગલમ્, અનેરા અને VSSM સંચાલિત છાત્રાલયની કબડ્ડી ટીમ*





આપણે સૌ રમવાની એક ઉંમર હોય એવું માનીએ, પણ જે માણસ જીવનના અંત સુધી શારીરિક રમત રમી શકે તે માણસ મોટાભાગે નિરામય રહે. રમતગમતનું આપણા જીવનમાં ઘણું મહત્ત્વ.નિશાળમાં રમતગમતની વિવિધ હરીફાઈઓમાં ભાગ લેવડાવવાનું કામ પી.ટી.ના શિક્ષક કરે. એ માટે આપણને સજ્જ પણ કરે. રમત રમવાથી આપણો શારીરિકની સાથે-સાથે માનસિક વિકાસ થાય, આત્મવિશ્વાસમાં પણ વધારો થાય. અને ટીમ તરીકે ક્યાંક જવાબદારી લેવાનો ગુણ પણ વિકસે.તમને થશે કે આમ રમતગમત વિષે કેમ લખી રહી છું. વાત જરા ગૌરવ લેવા જેવી બની

છે એટલે લખી રહી છું.

વિશ્વ મંગલમ્, અનેરા અને VSSMના સંયુક્ત ઉપક્રમે ચાલતા છાત્રાલયના વિદ્યાર્થીઓની ટીમ કબડ્ડીમાં તાલુકા કક્ષાએ દ્વિતીય ક્રમે આવી ટીમમાંથી પાંચ વિદ્યાર્થીઓની પસંદગી જિલ્લા કક્ષાની ટીમમાં થઈ. અમારા પાંચ વિદ્યાર્થીઓવાળી ટીમ જિલ્લામાં પ્રથમ ક્રમે આવી. હવે આ ટીમ ઝોનલ કક્ષાની કબડ્ડી-સ્પર્ધામાં ભાગ લેશે.

વિદ્યાર્થીઓને કબડ્ડી માટે સતત પ્રૅક્ટિસ કરાવનારા અમારા છાત્રાલયના રમતગમતના શિક્ષક શ્રી દિલીપભાઈ અને શ્રી ઘનજીભાઈની મહેનતનો એમાં સિંહફાળો. અમારા ભૂતપૂર્વ વિદ્યાર્થી અને હાલ સંસ્થામાં ફરજ બજાવતા શ્રી કરશનભાઈની પણ મહેનત પણ ઘણી.

અમારા છાત્રાલયમાં ભણતા દરેક બાળકે કોઈને કોઈ રમત ગમતમાં ફરજિયાત હિસ્સો લેવાનો હોય છે. દીકરીઓની પણ વિવિધ રમતો માટેની ટીમ તૈયાર થઈ રહી છે.

VSSM સંસ્થાની હોસ્ટેલમાં ભણતા ૪૭૯ વિદ્યાર્થીઓ ખૂબ સફળ થાય તેવી શુભભાવના.






# ઉદ્યોગ સાહસિકતા

**હજારો લોકો પોતાની સાથે અન્યોને પણ પગભર કરે તે વિચાર સાથે ડો.કે.આર. શ્રોફ ફાઉન્ડેશને ઉદ્યોગ સાહસિકોને તૈયાર કરવાની દિશામાં પગરણ માંડ્યા.**

**સ્વપ્ન એ નથી જે તમે ઊંઘમાં જુઓ,**
**સ્વપ્ન એ છે જે તમને ઊંઘવા ન દે...**

ગરીબીમાંથી બહાર નીકળવાનું સ્વપ્ન ઘણા જુએ પણ એમાંથી બહાર નીકળવા મથતા દરેક વ્યક્તિનો હાથ પકડનાર દુનિયામાં ઝાઝા નથી. ડો. કે.આર.શ્રોફ ફાઉન્ડેશનનો ઉદેશ્ય વ્યક્તિઓ થકી ગામોને, સમાજને સદ્ધર કરવાનો. જેના ભાગરૂપે પોતાની તરક્કીનું સ્વપ્ન એ પણ ઉઘાડી આંખે જોનાર ઉદ્યોગ સાહસિકોને મદદ કરવાનું અમે શરૂ કર્યું. નાનકડી રકમ લોન થકી પોતાના જીવનને પાટે ચડાવવા મથતા સાહસિકોને અમે વગર વ્યાજે આપવાનું કરીએ.

વિચરતા સમુદાય સમર્થન મંચ (VSSM) સાથે મળીને અમે આ વ્યવસાયિકોને શોધી તેમના વ્યવસાયને વધારવા, નવો વ્યવસાય સ્થાપીત કરવા વગર વ્યાજે લોન આપીયે. ૨૦૨૨થી શરૂ કરેલા સ્વાવલંબન કાર્યક્રમ અંતર્ગત અમે ૧૫૦૦ થી વધારે વ્યક્તિઓને ૫ કરોડથી પણ વધારે રકમની લોન આપી. સ્વતંત્ર ધંધા થકી આગળ વધી રહેલા સાહસિકોમાં ક્ષમતા વર્ધનનું કામ પણ અમે કરીએ.

અમારો ઉદેશ્ય દર વર્ષે ૧૫૦૦ પરિવારોને સ્વતંત્ર ધંધો કરતા કરવાનો છે એ માટે અમારી ટીમ સતત મથશે.

ધ બુધ્ધા ઈન્સ્ટિટ્યુટ ગામડાની નવી પેઢીના ઉદ્યોગ સાહસિકો માટે નાના વ્યવસાયો ઊભા કરવાનું કામ કરે છે તેની સાથે અમે કામ કરીએ છીએ. આગામી સમયમાં એક અંદાજ પ્રમાણે ૫,૦૦૦ થી ૧૦,૦૦૦ કુટુંબોને રોજગારી મળે તે પ્રકારના ઉદ્યોગો સ્થાપવાનું આ ઉદ્યોગ સાહસિકો દ્વારા થશે.


ડૉ. કે આર શ્રોફ ફાઉન્ડેશન ધ બુધ્ધા ઈન્સ્ટિટ્યુટને આવા ઉદ્યોગ સાહસિકોને તૈયાર કરવા માટે આર્થિક સહયોગ અને માર્ગદર્શન પૂરું પાડે છે. પોતાના વ્યવસાય માટે પ્રારંભિક ભંડોળ મેળવી જે વ્યવસાયો તેમણે શરૂ કર્યા છે એમાં ફાઉન્ડેશન નવતર મેનેજમેન્ટના સાધનો સાથે માર્કેટિંગ, વેચાણ, એકાઉન્ટ અને વ્યક્તિગત રુચિઓને વ્યવસ્થિત રીતે મેનેજ કરવાની ટ્રેનીંગ આપે છે. એમના વ્યવસાયને વિસ્તારવાની તાલીમ પણ અમે આપી રહ્યા છીએ. જેથી વધારે લોકો સુધી પહોંચી શકાય.

ધ બુધ્ધા ઈન્સ્ટિટ્યુટ સાથે રહીને વર્ષ ૨૦૨૫ સુધીમાં ૧૨૫ અને ૨૦૨૮ સુધીમાં ૧૦૦૦ ઉદ્યોગ સાહસિકોને તૈયાર કરવાનો અમારો ઉદશ્ય છે. અમે જે પ્રયત્નો કરીએ છીએ તેના થકી ૧ લાખ લોકોને રોજગારીની તકો મળશે જે ૫૦ લાખ લોકોના જીવનને અસર કરશે.

સમણું મોટુ જોયું છે પણ એ પૂરું કરવાની હામ પણ ડો.કે.આર.શ્રોફ ફાઉન્ડેશનની ટીમે ભીડી છે.

પરિવર્તન
જૂન, ૨૦૨૪

# ગામેગામ રઝળપાટ કરવામાંથી છૂટકારો



*નાનકડી દુકાનમાં ગોળી, બિસ્કિટની ગોઠવણી કરતાં ચંપાબહેન*

'આ માગવાનું હવે ગમતું નથી. લોકોની અને પોલીસની હેરાનગતિ એમાં ઘણી વધી છે. છૂટકમજૂરી અમે કરીએ, પણ બાપગોતરમાં આમ જુઓ તો અમે મજૂરી કરી નથી એટલે એ અઘરું પડે. પહેલાં સાપના ખેલ પર નભતા, એમાં મજૂરી ક્યાં આવે? અમે નાથપંથી એટલે સાધુવેશે હવે યાચવાનું શરૂ કર્યું. પણ લોકો એમાં જાતભાતના આરોપ લગાડે.

શું કરવું કશું સમજાતું નથી.'

'તમે ધંધો કરો.'

'ધંધો અને મદારી?'

'તમે બોલવામાં સરસ છો. ધંધો આરામથી કરી શકો. અમે પૈસા આપીશું.'

'પણ પૈસા ન ભરાણા તો?'

'ભરાશે તમે ચિંતા ન કરો! તમે વસાહતમાંથી થોડા લોકો કે જેમનામાં ધંધાની સૂઝબૂઝ હોય એવાને પસંદ કરો! અમે એમને અલગ-અલગ વ્યવસાય માટે લોન આપીશું.' ખેડા-ક્ષેત્રમાં VSSMના કાર્યકર રજનીભાઈ અને કપડવંજમાં રહેતા મદારી ધારાનાથભાઈ સાથેની આ વાતચીત. મદારી-પરિવારો સાપના ખેલ કરી પેટિયું રળતા. સરકારી પ્રતિબંધના કારણે એ ધંધો બંધ થયો. 'હવે શું'નો પ્રશ્ન મોં વકાસીને એમની સામે ઊભેલો. અમને સમાધાન તેઓ ઉદ્યોગસાહસિક બને એમાં જ લાગતું. આ સમુદાયના લોકોને પાંચ હજાર રૂપિયા લેતાય એમને બીક લાગે. ત્યારે ધારાનાથે હિંમત કરી અને નવ લોકોએ અલગ-

અલગ વ્યવસાય માટે વગર વ્યાજે લોન લીધી. નવા વ્યવસાય કયા એ શોધવામાં પણ રજનીભાઈએ મદદ કરી.

VSSMએ વ્યક્તિદીઠ ૩૦,૦૦૦ રૂપિયા લોન પેટે આપ્યા. ચંપાબહેન એમાંનાં એક. ચંપાબહેને ગોળી, બિસ્કિટ વેચવાની નાનકડી દુકાન નાખી, કહો ને ગલ્લો નાખ્યો. ચંપાબહેનને મળી. 'ધંધો કેવો ચાલે'નું પૂછ્યું. તો કહે, 'ગામેગામ રઝળપાટ કરવામાંથી છૂટકારો મળ્યો. કેવા ગંધવેડામાં પડ્યા રેતાં. હવે હખ છે. રોજનો અઢી ત્રણ હજારનો વકરો થઈ જાય.' ચંપાબહેન સહિત અન્ય આઠ લોકો દર મહિને નિયમિત હપ્તા ભરી નાખે. નવ વ્યક્તિઓ ધંધામાં સુખી થયા એ જોઈને બીજી ૧૭ વ્યક્તિઓએ પણ નાનો ધંધો નાખવા લોન માંગી. અમે તો રાજી. આવા પરિવારોને મદદ કરવી એ તો અમારી પ્રાથમિકતામાં. ડો. કે. આર. શ્રોફ ફાઉન્ડેશન આવા ઉદ્યોગ - સાહસિકોને મદદ કરે. સૌ સુખી થાય એવી શુભભાવના.




*ચંપાબહેન, એમના ભાઈ ધારાનાથ અને VSSMનાં કાર્યકર રજનીભાઈ*

# સંસ્થાના પૈસા આવ્યા ત્યારથી મારે હારામાં હારું



*VSSMની લોનથી લારીમાં વધારેલા સામાન સાથે ગણપતભાઈ*

સફળતા પ્રાપ્ત કરવાનો કોઈ જાદુઈ મંત્ર નથી, પણ નિષ્ફળતામાંથી શીખી, વધુ મહેનત કરી સફળતા મેળવી શકાય. ગણપતભાઈને મળવાનું થયું. ગારમાટીમાંથી બનાવેલા ઘરમાં તેઓ રહે. નાનકડો પરિવાર હખેદખે ગાડું ગબડાવે રાખે. ગણપતભાઈ બોરિયાં, બકલ, બંગડી વગેરે મર્યાદિત શૃંગારપ્રસાધનો વેચે.




*ગણપતભાઈ અને એમનાં પત્ની*

હોંશ વધારે સામાન લાવી ધંધો મોટો કરવાની ખરી, પણ એ માટે પાસે પૈસા નહીં. ડાયરી કરાવે તો પૈસા મળે, પણ ડાયરીવાળા તોડી નાખે એટલું વ્યાજ લે. ક્યારેક પૈસા ન ભરાય તો હેરાનગતિ પણ ઘણી કરે. એટલે ગણપતભાઈ ડાયરીવાળાથી દૂર રહે. બનાસકાંઠાના ડુંગરાસણમાં ગણપતભાઈનું ઘર. બજાણિયાવાસમાં તેઓ રહે. એમના કુંટુબીજનોમાંથી કેટલાકે VSSMના કાર્યકર ઈશ્વરભાઈ પાસેથી પોતાનો ધંધો વધારવા વગર વ્યાજે લોન લીધેલી. એ પરિવારોની પ્રગતિ એમણે જોઈ. વળી, કોઈ માથાકૂટ વગર લોન મળે એ એમને ગમ્યું. ગણપતભાઈએ ૨૦,૦૦૦ રુપિયાની લોન માંગી. અમે આપી.



*કટલરીથી ભરેલી ગણપતભાઈની લારી*

ધંધામાં એમણે સામાન વધાર્યો, નવો સામાન ઉમેર્યો પણ ખરો. નફો વધ્યો. તેઓ પગે




*ગણપતભાઈ*

ચાલીને ફેરી કરે. વાહન લાવવાની ઘણી હોંશ, પણ પાસે રૂપિયા નહીં. અમે આપેલી લોનમાંથી થયેલા વકરામાંથી તેઓ જૂની ઍક્ટિવા લાવ્યા. હવે ગણપતભાઈ વધારે દૂર સુધી ધંધો કરવા જાય છે. ગણપતભાઈ પાસે પોતાનો પ્લૉટ હતો, પણ મકાન બાંધવા રૂપિયા નહીં. સરકારમાંથી સહાય મળે તે માટે મદદરૂપ થવાનું તો અમે કરીએ જ. ઈશ્વરભાઈએ એમને મકાનસહાય માટે ફૉર્મ ભરી આપ્યું. મકાનસહાય પણ ઝટ મળી જશે.

ગણપતભાઈ કહે, ‘બૅન, સંસ્થાના પૈસા આવ્યા ત્યારથી મારે હારામાં હારું છે. બરકત વધી છે.’ VSSM અને વિમુક્ત ફાઉન્ડેશન થકી અમે અત્યાર સુધી ૧૫૦૦થી વધુ પરિવારોને લોન આપી છે. આ લોન લઈને સૌ બે પાંદડે થયા છે. લોન લઈને ધંધો કરનાર તમામ પરિવારો સુખી થાય તેવી શુભભાવના.

# ઢગલો પ્રશ્ન





*હંસાબહેન : 'તમે બીજી લોન આપશો તો હાલ જે સાડીઓ લાવું છું એના કરતાં થોડી મોંઘી સાડીઓ લાવી શકીશ'*

વીસ હજાર રૂપિયામાં સાડીઓનો ધંધો? સાંભળીને નવાઈ લાગે ને? અમનેય લાગી. આટલી નાની રકમમાંથી કેટલી સાડીઓ આવે? આવે તો એ સાડીઓની ગુણવત્તા કેવી હોય? ને સૌથી મોટો પ્રશ્ન, એ સાડીઓ ખરીદે કોણ? ઢગલો પ્રશ્ન થયા. અમારા કાર્યકર શંકરભાઈને સાડીનો ધંધો કરવાની હોંશ રાખનારાં હંસાબહેન પર ભરોસો હતો. અમે હંસાબહેનને લોન પેટે પૈસા આપ્યા. હંસાબહેન રાધનપુરમાંથી જ કોઈ બહેન પાસેથી સાડી ખરીદે અને થેલામાં ભરી આજુબાજુનાં ગામડાંઓમાં વેચવા જાય. આ બધું સાંભળી ખરેખર નફાકારક વેપાર થતો હશે એ પ્રશ્ન થતો. હંસાબહેને લોનનો એક પણ હપતો પાડ્યો નહીં. એમની લોન ભરપાઈ થઈ ગઈ. હંસાબહેને બીજી લોન માંગી. રાધનપુર જવાનું થયું ત્યારે એમને મળી પહેલી લોનથી શું ફાયદો થયો એવું પૂછ્યું. એમણે કહ્યું, 'ધંધો કરતાં-કરતાં થોડી બચત કરતી ગઈ. મારા ઘરવાળાએ હમણાં જૂની રિક્ષા ડાઉનપેમેન્ટ ભરીને લીધી. ડાઉનપેમેન્ટ ભરવા મેં નવ હજાર સાડીઓના ધંધામાંથી બચત કરીને આપ્યા. પહેલાં એ મજૂરી કરતા હવે અમે બેય ધંધાવાળા થઈ ગયાં. તમે બીજી લોન આપશો તો હાલ જે સાડીઓ લાવું છું એના કરતાં થોડી મોંઘી સાડીઓ લાવી શકીશ. પણ હા, તમે હવે વીસની જગ્યા એ તીસ હજારની લોન કરજો!' હસતાં- હસતાં પૂરા આત્મવિશ્વાસ સાથે હંસાબહેને કહ્યું. અમે VSSM અને VF થકી સાત હજારથી વધારે વ્યક્તિઓને અત્યાર સુધી અમે લોન આપી ધંધો કરતા કર્યા છે.

# પર્યાવરણ સંવર્ધન

આગ લાગે ત્યારે સમજુ માણસ હાથમાં આવે તે વાસણ લઈને આગ ઓલવવા દોડે. વાત નાનકડી પણ સમજવા જેવી. આજે દુનિયા આખી વાતાવરણમાં આવેલા બદલાવ ને એનાથી થઈ રહેલી તકલીફોને જોઈ રહી છે. આપણી ધરતીને તાવ આવ્યો છે. એ દિવસે દિવસે વધુ ને વધુ ગરમ થઈ રહી છે. એને ટાઢી કરવાનું એના માથે પોતા મૂકવાનું ખાસ થઈ નથી રહ્યું. આમ તો ડો.કે.આર.શ્રોફ ફાઉન્ડેશનનો પ્રયત્ન પાશેરામાં પુણી જેટલું પણ એટલુંય જો બધા કરવા માંડે તો સ્થિતિ બદલાઈ શકે. અમે ખોરવાયેલી સ્થિતિને ઠીક કરવા વિવિધ સંસ્થાઓ, સરકાર અને ગ્રામજનો સાથે મળીને જળ વ્યવસ્થાપન તેમજ વનીકરણના કામો કરી રહ્યા છીએ.

## જળ વ્યવસ્થાપન

પાણી બનાવી શકાતું નથી માટે એને બચાવવું પડે. પૃથ્વી પર મીઠા પાણીનો જથ્થો મર્યાદિત છે જે ધીમે ધીમે ખતમ થઈ રહ્યો છે. ટેકનોલોજીના કારણે આજે દુર્ગમ વિસ્તારોમાં પાણી પહોંચાડવું સહેલું બન્યું છે પણ આજ ટેકનોલોજીના લીધે આપણા ભૂગર્ભજળ દિવસે દિવસે વધારે ને વધારે નીચે જઈ રહ્યા છે.

## ઉત્તર ગુજરાતમાં જળ વ્યવસ્થાપન

ઉત્તર ગુજરાતમાં ભૂગર્ભજળની સ્થિતિ વિકટ. નેશનલ વોટરબોર્ડના સર્વે પ્રમાણે ઉત્તર ગુજરાતના ૪૭માંથી ૩૪ તાલુકામાં ભૂગર્ભજળ અત્યંત જોખમી સ્તરે પહોંચ્યા છે.

ગામમાં પાણીનો જથ્થો ખતમ થઈ જશે તો માણસ અને હલી ચલી શકે તે જીવો સ્થળાંતર કરી જશે પણ વૃક્ષોનું શું? વળી સ્થળાંતર કરીને જ્યાં જશું ત્યાં પાણીની મુશ્કેલી નહીં સર્જાય તેની શું ખાત્રી?

સવેળા જાગવા એલાર્મ વાગી ગયું. અમે સ્થિતિ સમજી ઉત્તર ગુજરાતમાં જળસંચયના કાર્યો વિવિધ સંસ્થાઓ અને સરકાર સાથે મળી આરંભ્યા છે.

અમે કાંપથી ભરાઈ ગયેલા તળાવોનું નવીનીકરણ(ડી-સિલ્ટીંગ) કરવાનું વર્ષ ૨૦૨૩-૨૪થી શરૂ કર્યું. વિચરતા સમુદાય સમર્થન મંચ (VSSM) સંસ્થા અને સરકારની સુજલામ સુફલામ અભિયાન સાથે મળીને અમે ૩૦ તળાવો એક વર્ષમાં ઊંડા કર્યા તેમજ ૬ ચેકડેમનું રીપેરીંગ કામ પણ કર્યું.

જળસંચયના કાર્યો અમે વિવિધ વસતિ ધરાવતા ગામોમાં તેમજ આદિવાસી વસ્તી ધરાવતા ગામોમાં કરીએ.  જે ગામોમાં સો ટકા આદિવાસી વસ્તી છે ને

ત્યાંના લોકોની આર્થિક હાલત નબળી છે. જમીન પણ ટૂંકી. આમ તેઓ તળાવ ખોદકામમાં નીકળતી માટી ઉપાડવાનું કરી શકતા નથી. ત્યાં અમે જ સંપૂર્ણ ખર્ચ સાથે તળાવ ગાળીએ. પણ જ્યાં વિવિધ સમુદાયના લોકો વસતા હોય. સરખી ખેતી પણ થતી હોય ત્યાં આપણે ગામની ભાગીદારીમાં તળાવ ઊંડા કરીએ. સંસ્થા ખોદકામ માટે જેસીબી મશીન મુકે અને માટી ઉપાડવાનું કામ ગામલોકો કરે. આમ ગામની હિસ્સેદારી સાથે આપણે જળસંચયના કાર્યો કરીએ.

અમારા સહયોગથી થયેલા તળાવો વરસાદી પાણીથી ભરાયા જેનાથી અંદાજે ૫૦,૦૦૦ પરિવારોની ખેતીમાં ફાયદો થયો. તળાવોમાં ૨૨૨.૦૩ મિલિયન લીટર પાણીનો વધારો થયો..

**તળાવના નવીનીકરણની વિગત**

| ક્રમ | જિલ્લાવાર કરેલા તળાવની વિગત | કરેલા તળાવોની સંખ્યા | તળામાંથી કાઢેલી માટી | માટી કાઢવાથી કેટલા લીટર પાણી સંગ્રહ થશે |
|---|---|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૭ | ૬૧,૮૦૩.૦૦ | ૬,૧૮,૦૩,૦૦૦.૦૦ |
| ૨ | મહેસાણા | ૭ | ૫૦,૦૦૦.૦૦ | ૫,૦૦,૦૦,૦૦૦.૦૦ |
| ૩ | સાબરકાંઠા | ૧૬ | ૧,૧૦,૫૦૦.૦૦ | ૧૧,૦૫,૦૦,૦૦૦.૦૦ |
| | કુલ | ૩૦ | ૨,૨૨,૩૦૨.૦૦ | ૨૨,૨૩,૦૩,૦૦૦.૦૦ |

## દક્ષિણ ગુજરાતમાં જળ વ્યવસ્થાપન

ગુજરાતનું ચેરાપુંજી એટલે ડાંગ. ખૂબ વરસાદ પડે છતાં ઉનાળામાં આ વિસ્તારમાં પાણીની મુશ્કેલી સર્જાય. વળી આ મુશ્કેલી માત્ર ડાંગ પૂરતી નહીં પણ દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં જોવા મળે. ડો. કે. આર. શ્રોફ ફાઉન્ડેશન લોક મંગલમ ચેરીટેબલ ટ્રસ્ટ- ધરમપુર સાથે મળી બે ગામમાં પાણીની સમસ્યાના નિવારણ માટે ત્રણ ચેકડેમ બનાવ્યા. લાખો લીટર પાણી આ ચેકડેમમાં સંગ્રહ થયું. પીવાના પાણીની મુશ્કેલી હલ થઈ અને ખેડૂતોના કૂવા રીચાર્જ થતા તેમની ખેતી બારમાસી થઈ. આવક વધી.

## લદાખમાં ક્લાયમેટ એન્ડ સસ્ટેઈનેબિલીટી સ્કૂલ

KRSF એ HLIA (હિમાલયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઓલ્ટરનેટિવ લદ્દાખ) નામની ક્લાઈમેટ સ્કૂલ/યુનિવર્સિટી શરૂ કરવા માટે જાણીતા કાર્યકર અને સંરક્ષણવાદી શ્રી સોનમ વાંગચુક અને શ્રીમતી ગીતાંજલિને આર્થિક સહયોગ કરે છે. આ સંસ્થા પર્યાવરણ સંવર્ધન માટે યુવાનોને માર્ગદર્શન પૂરું પાડે છે.

# ધામણવાનું તળાવ : ગામ, સંસ્થા, સંવેદનશીલ માણસો અને સુજલામ્ સુફલામ્ યોજનાનો સુમેળ



*સરકારશ્રી, ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશન અને VSSM ના સંયુક્ત સહયોગથી ધામણવામાં ઊંડા થઈ રહેલા તળાવમાં ગામલોકો સાથે ચર્ચા*

''અમારા તળાવમાંથી ૧૦,૦૦૦ સીએમટી માટી કાઢી, પણ એનાથી તળાવ બહુ ઊંડું દેખાતું નથી. બીજી ૫,૦૦૦ સીએમટી કાઢવી પડશે. તમે એમાં મદદ કરો! ચોમાસામાં અમારા ગામના પાદરે ખૂબ પાણી ભરાયેલું રહે છે. લોકોનાં ઘરોના ટૉઇલેટમાં પાણી બૅક મારે છે. જો આ તળાવ વધારે ઊંડું થાય તો અમને મુશ્કેલી ન પડે'' : મહેસાણાના ધામણવાના લોકોએ આ વાત કહી. ગામ પોતે ભાગીદારી કરે તો આ કામ થઈ શકેનું અમે એમને કહ્યું. સરપંચશ્રીથી લઈને ગામની ડેરીના મંત્રી અને અન્ય ભાગીદારીની વાતથી થોડીવાર મૌન રહ્યા. અમે બનાસકાંઠાના અનુભવોની વાત કરી. ત્યાંના ગામલોકો ગામનાં તળાવ ઊંડાં કરવા કેવા ઉત્સાહી છે. વળી, તળાવો ખાલી ટૉઇલેટમાં પાણી બેક મારે છે એટલે ઊંડાં નથી કરાવી રહ્યા, પણ ગામનાં ભૂગર્ભજળ દેખીતી રીતે ખાસ્સાં ઊંડાં ગયાં છે, બોરવેલમાં પાણીનો રેલો ઘટ્યો છે, જો તળ નહીં જળવાય તો ખેતી કેવી રીતે થશે? વગેરે વિચારીને ઊંડાં કરાવી રહ્યા છે. ઘણી બધી વાતો કરી તળાવ ઊંડું કરવા ઘરદીઠ ફાળો ભેગો કરવાનું કહ્યું. ફાળો થશે તો ૧૦,૦૦૦ સીએમટી પછી તમે જેટલો ગામફાળો ભેગો કરશો તેટલા પૈસાનું કામ અમે કરી આપીશુંનું કહ્યું. ગામલોકો ફાળો ભેગો કરવા તૈયાર થયા, પણ ફાળો કેટલો થશે એ




*ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશનના આર્થિક સહયોગથી ગળાયા પછી ભરાયેલું ધામણવાનું તળાવ*

અંગે કોઈ ચોખવટ ત્યારે ન થઈ. ધામણવા જઈ આવ્યાના બે દિવસ પછી અમારા કાર્યકર તોહિદભાઈનો ફોન આવ્યો ને કહ્યું, 'બેન, સાડા ત્રણ લાખનો ફાળો લોકોએ ભેગો કર્યો છે'. સાંભળીને રાજી થવાયું. એ ફાળાથી તળાવ સરસ ગળાયું. દરેક ગામ દર વરસે તળાવ ગાળવા થોડા ઘણા પૈસા ભેગા કરે તો સરકાર કે કોઈ પણ સંસ્થાની મદદ વગર ગામનાં તળાવ ઊંડાં કરી શકે. ગામની સમસ્યાનું નિવારણ ગામ પોતે લાવે એ સ્થિતિ આદર્શ. ધામણવાનું તળાવ ઊંડું થાય તે માટે આદરણીય શ્રી ઋષિકેશભાઈ પટેલ- મંત્રીશ્રી, આરોગ્ય, અને ગામનો સહયોગ મહત્ત્વનો. આમ, સહુના સહિયારા પ્રયાસથી આ સુંદર કાર્ય પાર પડ્યું.

*ખોદ્યા પછી ૧.૫ કરોડ લિટર પાણીનો સંગ્રહ કરી શકતું ધામણવાનું તળાવ*



# ગામલોકો સ્થળાંતર કરતા અટકે એ અમારો આશય



*સરકારશ્રી, VSSM અને ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે છોછરના તળાવમાં પશુપાલન, ખેતી, કૂવા, તળાવને લઈને વાતચીત*

જ્યાં નથી ત્યાં પૂછો પાણીની શું કિંમત છે? આ વાક્ય વારંવાર સાંભળવામાં આવે, પણ હમણાં સાબરકાંઠાના પોશીનામાં આ વાક્યને બરાબર અનુભવ્યું. પોશીના તાલુકાના છોછર ગામના રમેશભાઈના ઘર પાસેથી અમે પસાર થયાં. એમના ઘરના આંગણામાં ચારપાંચ પુરુષો બેઠેલા. અમે છોછર ગામમાં તળાવ ગળાવી રહ્યાં હતાં. તળાવથી એમને લાભ થશે કે કેમ તે અંગે પૂછ્યું, તો એક ભાઈ કહે, 'તળાવ થાય, પાણી ભરાય તો અમને હખ થઈ જાય. હાલ તો શિયાળો ઊતરતાં અમે ગામ છોડી ભાગી જઈએ. આ ગામમાં પ્રસંગ હતો એટલે આવ્યો. બાકી બનાસકાંઠા, પાટણ મહેસાણા બાજરી વાઢવા કે જે મળે તે ખેતમજૂરી કરવા ભાગી જઈએ. કેટલાક પથ્થરની ગાડીઓ ભરાવવા જાય. ઘર છોડી ભાગવું કોને ગમે? પણ અહીંયાં પાણી નથી. એટલે મજબૂરીના માર્યા જઈએ.'

પોશીના-વિસ્તારમાં વરસાદ સારો પડે, પણ વરસાદી પાણીનો સંગ્રહ કરવાના જલસ્રોતો બહુ ઊંડા નહીં એટલે આ બધી મુશ્કેલીઓ. પહાડી વિસ્તાર. ચેકડેમ પણ માટીથી ભરાઈ ગયેલા, ક્યાંક તૂટેલા પણ ખરા અને તળાવો તો તળાવ જેવાં દેખાય જ નહીં. આ વિસ્તારમાં સઘન કામગીરી પાણીને લઈને કરવામાં આવે અને બારે મહિના પાણી મળી રહે તો લોકોને ઘણી રાહત થઈ જાય. લોકો પાસે નાનીનાની જમીન, પહાડમાં થાય તેવી ઢોળાવવાળી ખેતી

કરે. કૂવાથી પિયત કરે. કૂવામાં હોય તો હવાડામાં આવે ને? કૂવામાં પાણી જ ન હોય તો ખેતરમાં પિયત ક્યાંથી થાય? ઢોરને કેવી રીતે પીવડાવે.  જો તળાવો, ચેકડેમ બરાબર સાફ, ગળાયેલાં હોય તો વરસાદી પાણી એમાં બરાબર ભરાય ને એના લીધે લોકોના કૂવા પણ રિચાર્જ થાય. વાતો કરતાં-કરતાં રમેશભાઈ, સાહેબાભાઈ સાથે અમે ગળાઈ રહેલા તળાવે પહોંચ્યાં. ત્યાં એક બેઠક કરી. લોકોએ પોતાના કૂવા ગાળવા મદદ કરવા વિનંતી કરી. જો કૂવો વધારે ઊંડો હોય તો પાણી વધારે સમય રહે ને ખેતી, પશુપાલન થાય. માટે આ કાર્યમાં પણ મદદ કરવાનું અમે નક્કી કર્યું.  પોશીનામાં ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશન અને VSSM ભગિની-સંસ્થાની જેમ કામ કરે. ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશનની ટીમ અને VSSMના કાર્યકર તોહીદ, ટૂંકમાં, બધાની જબરી મહેનત. બધાની મહેનતના પરિણામે જ આ વરસે ૨૫ તળાવ ઊંડાં કરવાની જગ્યાઓ શોધાઈ. આદરણીય ઋષિકેશભાઈ પેટલ, માનનીય મંત્રી શ્રી, એમણે આ તળાવો સુજલામ્ સુફલામ્ અભિયાન અંતર્ગત ગળાય તે માટે મદદ કરી. સરકારના પૈસા સિવાયના પૈસા ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશને સહાય આપી. આમ, સૌના સહિયારા પ્રયાસથી સુંદર કામ થઈ રહ્યું છે. આ વિસ્તારના લોકો સ્થળાંતર કરતા અટકે એ અમારો આશય. આશયને પૂર્ણ કરવા માટે અમે મથીશું.



*VSSM, KRSF અને ગ્રામજનોના સહયોગથી નવપલ્લવિત થયેલ છોછરનું તળાવ*

# મહેસાણામાં જળસંચયનાં વધારે કામો થાય તેમ કરીશું



*ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશનના આર્થિક સહયોગથી તળાવોને નવપલ્લવિત કરવાના સંકલ્પની તસવીર*

સંકલ્પની આ તસવીર મહેસાણા જિલ્લાથી.

સંકલ્પ પોતાના ગામનાં ભૂગર્ભજળ ઉપર આવે તે માટે તળાવો ઊંડાં કરવાનો અને એ માટે પોતાની ભાગીદારીનો.

આમ તો અત્યાર સુધી અમે બનાસકાંઠામાં તળાવો ઊંડાં કરતાં. ૨૯૫થી વધુ તળાવો અમે ત્યાં છેલ્લાં કેટલાંક વરસોમાં કર્યાં.

આ વરસે મહેસાણામાં પણ માનનીય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલના કહેવાથી કામ શરૂ કર્યા. અમારાં કાર્યોમાં, સરકારી કામોમાં જ્યાં જરૂર પડે અમને મદદ કરે.

મહેસાણાનું સદુથલા ગામ. ત્યાં અમે સરકારના સુજલામ્ સુફલામ્ અભિયાનની મદદથી તળાવ ઊંડુ કરવાનું કર્યું. ગામની ભાગીદારી આમાં કાંઈ રહી નહીં ને અમને તો ભાગીદારી થાય તો કામ કરવાની મજા પડે.


તળાવ ઊંડું થયા પછી ગામમાં ગયા તો ગામે એમના ગામની સમસ્યાની વાતો કરી. એ વખતે ગામ ભાગીદારી કરે અને જેસીબી અમે મૂકીએ, માટી ઉપાડવાનું કામ ગામ કરે તો બીજું તળાવ કરવામાં અમને વાંધો નથીની વાત કરી. પાણીની સમસ્યાઓની પણ ઢગલો વાતો થઈ. ખાસ તો તળ કેટલે ઊંડે પહોંચ્યાંની વાત. ખેડૂત પાસે જમીન હોય, પણ પાણી ન

હોય તો શું થાય એની પણ વાતો થઈ. આ વિસ્તારમાં પણ લગભગ ૧૦૦૦ ફૂટે પાણી પહોંચ્યું છે. વર્ષ ૧૯૭૧માં બોરવેલમાંથી જેટલું પાણી નીકળતું હતું એના કરતાં આજે એમાં બહુ મોટો ફરક છે. ટૂંકમાં, પાણીને લઈને ગામ ચિંતામાં છે. બસ અમે જળસંચયનાં કાર્યો માટે ભાગીદારીની વાત કરી. મૂળ શહેર છોડી કેટલે જશું ? ખેતી નહીં કરીએ તો ખાશું શું ? એ પણ પ્રશ્ન. લાંબી ચર્ચા પછી ગામે ભાગીદારી માટે તૈયાર થયું. બીજું તળાવ પણ અમે ગાળીશું.

મહેસાણાનાં ગામોમાં બનાસકાંઠાનાં ગામોમાં જેવી જાગૃતિ આવી એવી આવે એ જરૂરી છે. ખેર, સદુથલા ગામે સુંદર સંકલ્પ કર્યો. આ સંકલ્પથી આવનારા વખતમાં મહેસાણામાં જશળસંચયનાં વધારે કામો થાય, વધારે જલમંદિરો બને તેમ કરીશું.



*સરકારશ્રી, KRSF અને VSSM ના સંયુક્ત પ્રયત્નો થકી નવપલ્લવિત થયેલ સદુથલાનું તળાવ પહેલાંની સ્થિતિ (ઉપર) અને ઊંડું કર્યા પછી પાણીથી ભરયેલું તળાવ (નીચે)*



# શહેરમાં 'નાહવું નીં પડે'




*ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશન, VSSM અને સરકારના સહિયારા પ્રયાસથી ગાળેલું બેડી ગામનું છલોછલ તળાવ*

'શહેરમાં જવાનું કોને ગમે?'

અમારી સામે બેઠેલા યુવાનોએ આ પૂછ્યું. આમ તો પ્રશ્ન સાંભળી નવાઈ લાગે. શહેરનું તો લોકોને ઘેલું હોય છે. અરે ગામમાં રહેતા ને સારામાં સારી ખેતી ધરાવતા યુવાન સાથે લગ્ન કરવાનું પણ છોકરીઓ ટાળે ત્યારે આ યુવાનોને શહેર નથી ગમતું!

વાત છે સાબરકાંઠાના પોશીના વિસ્તારના આદિવાસી પરિવારોની. મર્યાદિત સંસાધનો સાથે જીવતા આ યુવાનોને જાણે ઝાઝી એષણા જ નહીં અને પ્રકૃતિનું ઝાઝું દોહન પણ ન કરે. નાનકડી ખેતી કરીને પેટિયું રળે. ખેતી માટે જરૂરી પાણી એમના કૂવામાં શિયાળો ઊતરતાં ખૂટી પડે એટલે નાછૂટકે શહેર ભણી રોજીરોટી રળવા એ લોકોની ભાષામાં કહું તો 'નાહવું પડે.'

શું કરી શકાય? આ પ્રશ્ન પર વિચાર કરવાનો જ હતો. પોશીના-વિસ્તારમાં ડૉ. કે. આર.શ્રોફ ફાઉન્ડેશન શિક્ષણક્ષેત્રે કાર્ય કરે.



છલોછલ તળાવને કારણે છલોછલ થયેલો બેડીનો કૂવો



*ગામલોકો સાથે ચર્ચા વિચારણા કરતા શ્રી પ્રતુલભાઈ શ્રોફ*

સરકારી શાળામાં શિક્ષકોની ઘટપૂર્તિ ફાઉન્ડેશન કરે. આદરણીય શ્રી પ્રતુલભાઈ શ્રોફ એના સ્થાપક ને શ્રી ઉદયભાઈ દેસાઈ પ્રમુખ. એમની લાગણી આ વિસ્તારમાં લોકોની સુખાકારી વધે એવી. એમણે અમને પાણી મુદ્દે કામ કરવા કહ્યું. એમની જ આર્થિક મદદથી અમે આ વિસ્તારમાં જળસંચયનાં કામ કરવાનું નક્કી કર્યું.

તળાવો, કૂવા ઊંડાં થાય ને બારે મહિના પાણી મળી રહે તો ગામલોકોને રોજગારી માટે ગામ છોડવું ન પડે. સરકાર પણ આ કાર્યમાં જોડાય એ માટે અમે મથ્યાં. સરકારના સુજલામ્ સુફલામ્ અભિયાન અંતર્ગત પોશીનાનાં ૧૬ તળાવો ઊંડાં કરવા ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશન અને VSSMને સહભાગી બનાવવા રજૂઆત કરી. આદરણીય ઋષિકેશભાઈ પટેલ માનનીય મંત્રી શ્રીની મદદ મળી. સાબરકાંઠા કલેક્ટર શ્રી નૈમેષ દવે તેમજ પોશીના TDO શ્રી નરેશભાઈ ચૌધરી તેમજ જળસંપત્તિ નિગમના અધિકારીગણની પણ મદદ મળી. જેના કારણે ૧૬ તળાવો તેમજ ૬ ચેકડેમ અમે કરી શક્યાં. જે ૧૬ તળાવ ગાળ્યાં તેમાંનું ૩૦૦૦ની વસતિ ધરાવતા બેડીગામનું તળાવ અમે જોવા ગયાં. આદિવાસી-ખેડૂત-પરિવારો સાથે વધારે શું મદદ કરી શકીએ તેની વાત કરી. આદરણીય પ્રતુલભાઈ ખાસ એ માટે સાથે આવ્યા. ખેડૂતોએ કહ્યું, 'તળાવો ગળાયાં એટલે તળાવ આસપાસના ખેડૂતોના કૂવા એકદમ ટોચ સુધી ભરાયા. બધા ખેડૂતો રાજી. હવે ઉનાળો નીકળે જશે.' સાથે-સાથે શહેરમાં 'નાહવું નીં પડે' એમ પણ કહ્યું. આ પરિવારો પશુપાલન કરતા થાય તો આવકમાં વધારો થાય તે એ અંગે પણ એમની સાથે વાતો થઈ. એમણે અમને પશુ ખરીદવા લોન આપવાનું કહ્યું. એ દિશામાં પણ અમે કામ કરીશું.

ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશન તેમજ VSSMની ટીમ સાથે મળીને આ દિશામાં કાર્ય કરવા પ્રતિબદ્ધ છે. પ્રતિબદ્ધતા માટે બેઉ સંસ્થાના કાર્યકરો રાહુલભાઈ, તોહીદભાઈ, પ્રકાશભાઈની મહેનત ઘણી.

# વૃક્ષઉછેર

પૃથ્વી ગરમ થઈ રહી છે જેના કારણે ઉત્તર ધ્રુવનો બરફ પીગળી રહ્યો છે. ધરતી પર પાણીના જથ્થાનું પ્રમાણ વધી રહ્યું છે. ગરમીના કારણે બાષ્પીભવનનું પ્રમાણ વધ્યું ને એના કારણે વાવાઝોડા, અતિવૃષ્ટિનું પ્રમાણ પાછલા કેટલાક વર્ષોમાં વધ્યાનું આપણે વાંચીયે, બોલીયે. ત્યારે આ સમસ્યાના નિવારણ તરફનો વિચાર કરવો અત્યંત જરૂરી. પૃથ્વીના વધતા તાપમાનને સમતુલીત કરવા અનેક પરિબળો કામ કરે એમાંનું એક પરિબળ વનીકરણ.

ડો.કે.આર.શ્રોફ ફાઉન્ડેશન વૃક્ષ વાવવામાં નહીં પણ વાવી ઉછેરવામાં મદદ કરે.

## એક બાળ એક વૃક્ષ પહેલ

બાળક નાનપણથી પર્યાવરણ પ્રત્યે સજાગ, સંવેદનશીલ અને ખાસ તો જવાબદાર બને તે માટે વર્ષ ૨૦૨૩માં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની ૨૦૦ શાળાઓમાં ભણતા બાળકો સાથે મળીને ૪૫,૦૦૦ વૃક્ષો એ પણ ઉછેરવાના સંકલ્પ સાથે વાવ્યા. આ બેઉ જિલ્લાના શિક્ષણ વિભાગના અને વનવિભાગના કર્મચારી આ કાર્યમાં અમારી સાથે રહ્યા.

બાળકો નાનપણથી એમને આપવામાં આવેલું વૃક્ષ વાવી અને જ્યાં સુધી એ શાળામાં ભણે છે ત્યાં સુધી એની કાળજી કરે એ આ સંકલ્પ પાછળની વિભાવના છે. અમે આવેલા વૃક્ષોમાંથી ૯૩ ટકા વૃક્ષો આજે મોટા થઈ રહ્યા છે જેનો રાજીપો છે.

## વિવિધ સંસ્થાઓ સાથે વૃક્ષઉછેર અભિયાન

KRSF વિવિધ ક્ષેત્રોમાં પર્યાવરણને લઈને કામ કરતી સંસ્થાઓને મદદ કરે. અમારી સાથી સંસ્થાઓ સાથે મળીને વાવેલા વૃક્ષોની વિગત:

| ક્રમ | સંસ્થાનું નામ | જિલ્લો | વાવીને ઉછરી રહેલા વૃક્ષોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | VSSM | બનાસકાંઠા<br>સાબરકાંઠા | ૧,૭૨,૦૦૦ |
| ૨ | લોક મંગલમ ચેરીટેબલ ટ્રસ્ટ | વલસાડ | ૨૨,૦૦૦ |
| ૩ | એકાસિયા ઈકો શહેરી વનીકરણ પરિયોજના | અમદાવાદ શહેર | ૮૫,૦૦૦ |

આવનારી પેઢીને સુંદર વાતાવરણ આપી શકીએ તે માટે KRSF ટીમ કટિબધ્ધ છે. આવનારા સમયમાં ૧ મીલીયન વૃક્ષો વાવી ઉછેરવાનો અમારો સંકલ્પ છે.

# વસઇ ગામનું કૃષ્ણવીણા ગ્રામવન 12



*KRSF ના સ્થાપક શ્રી પ્રતુલભાઈ શ્રોફ અને VSSM ના સ્થાપક શ્રીમતી મિત્તલબેન પટેલની વસઈના કૃષ્ણવીણા ગ્રામવન ૧૨ ની મુલાકાત.*

ગામમાં ગૌચરની જમીન ધીમે ધીમે ખતમ થઈ રહી છે. લોકો પોતાના સ્વાર્થ ખાતર એ જમીન વાળી રહ્યા છે. આવા સમયે વૃક્ષો ઉછેરવાનું ગૌચર જમીનમાં થવા માંડે તો જમીન બચી જાય અને ગૌચરની જમીનનો આશય પશુ પક્ષીઓ માટેની આબાધીત જગ્યાનો પણ ભવિષ્યમાં બર આવે. વસઈના લોકો ઘણા જાગૃત. નિયમીત વૃક્ષોની કાળજી પણ કરે. ૧.૭૦ લાખ વૃક્ષો અમે VSSM સાથે મળીને ઉછેરીએ. તેઓ વસઈ આવ્યા. ગામલોકો સાથે વૃક્ષો અંગે ઘણી વાતો કરી. પરમાર્થના કાર્યો માટે આદરણીય પ્રતુલભાઈની લાગણીને પ્રણામ કરવા ઘટે. સાથે વસઈગામના લોકોની સમજણને પણ પ્રણામ.





*કૃષ્ણવીણા ગ્રામવન ૧૨ ની મુલાકાત.*

# કનાઇ ગામની પર્યાવરણ તરફની જાગૃતિને સલામ



*શ્રી પ્રતુલભાઈ શ્રોફ અને શ્રીમતી મિત્તલબેન પટેલની કનાઈના કૃષ્ણવીણા ગ્રામવન ૧૧ ની મુલાકાત.*

'અમારા ગામમાં તમે વૃક્ષો વાવો અમે બરાબર ધ્યાન રાખીને એને ઉછેરીશું.'

'જ્યાં વૃક્ષો વાવવાની ઈચ્છા છે ત્યાં પ્રથમ પાણીની વ્યવસ્થા કરો પછી આગળ વાત કરીશું..'

સાબરકાંઠાના કનઈ ગામના લોકો સાથે ત્રણ વર્ષ પહેલાં આ વાત થયેલી. જે વર્ષે આ વાત થઈ એ વર્ષે એમણે વૃક્ષો ઉછેરવા જે જગ્યા પસંદ કરી ત્યાં બોરવેલ કર્યો. પણ એમને પાણી ન મળ્યું. કનઈની જમીનમાં કાળો પથ્થર લગભગ ૧૦૦-૧૨૫ ફૂટે લાગી જાય. આમ ત્યાં પાણી મેળવવા કરેલા મોટાભાગના બોરવેલ સફળ ન પણ થાય.



*કનઈના કૃષ્ણવીણા ગ્રામવન ૧૧ની માવજત કરતાં વૃક્ષમિત્ર*

દરેક ખેડૂત કુવા કરે અને કુવાથી તેમની ખેતી અને પશુપાલન થાય.

કુવામાં પાણી ભરાઈ રહે એ માટે તેઓ ગામના તળાવને ઊંડા કરવા જાતે મથે. છેલ્લા ત્રણેક વર્ષથી અમે પણ એમની ધગશ જોઈને મદદ કરીએ.

ગામના બે તળાવો પ્રમાણમાં સારા એવા ઊંડા VSSM સાથે સંકળાયેલા સ્વજનોની મદદથી અમે કર્યા.



*કનઈના કૃષ્ણવીણા ગ્રામવન ૧૧માં વૃક્ષારોણ*

ગામલોકોની પણ એમાં ઘણી મોટી ભાગીદારી. તળાવ માટે તેમની લાગણી જોઈને આ ગામને અમે તળાવ ભૂખ્યું ગામ પણ કહીએ.

તળાવો થયા એ પણ સારા એવા ઊંડા જેના લીધે આજુબાજુની જમીનમાં પાણીના ઝરા ફુટ્યા. ગામલોકોએ ફરી જ્યાં વૃક્ષો ઉછેરવાની ઈચ્છા રાખી ત્યાં બોરવેલ કર્યો. પણ પાણી ન મળ્યું. પણ એમણે હિંમત ન હારી. ચાર જગ્યાએ બોરવેલ માટે હોલ પાડ્યા. આખરે કુદરતે તેમની મનછાની કદર કરી અને ચોથા બોરવેલમાંથી પાણી મળ્યું. આ બધો ખર્ચ ગામલોકોએ પોતે કર્યો.

એ પછી અમે ત્યાં ૬,૫૦૦ થી વધારે વૃક્ષો વાવ્યા એ પણ ઉછેરવાના સંકલ્પ સાથે.. મોટાભાગના વૃક્ષો તેમણે ફળાઉ વાવ્યા. એમનો આશય આ ફળાઉ વૃક્ષોમાંથી ભવિષ્યમાં આવક થાય તો એ આવકમાંથી ગામની અન્ય ગૌચર જગ્યાઓને સુધારી શકાય. એમાં વૃક્ષો વાવી શકાય. જેથી કોઈ સંસ્થા કે સરકારની મદદની એમને જરુર ન પડે.



*કનઈના ગ્રામજનોને સંબોધતા પ્રતુલભાઈ અને અન્ય સભ્યો*

કનઈ જાગૃત ગામ છે. એટલે વૃક્ષોની આવકનો આવો સારો ઉપયોગ થશે એ પણ નક્કી છે.

VSSM થકી અમે છેલ્લા બે વર્ષમાં ૧.૭૦ લાખ વૃક્ષો વાવી શક્યા છીએ.

સૌનું શુભ થાવ તેવી શુભભાવના..

# બનાસકાંઠાના દાંતીવાડા તાલુકાના રામસીડા ગામમાં જંગલ વિભાગ સાથે મળી 16,000 વૃક્ષો ઉછેર્યા...



રામસીડાના કૃષ્ણવીણા ગ્રામવન ૯માં જંગલ વિભાગના અધિકારીઓ સાથે મુલાકાત

"તમે કોઈનું રેશનકાર્ડ કઢાવી આપો કે કોઈને રહેવા પ્લોટ અપાવી, ઘર બનાવી આપવામાં મદદ કરો તો એ વ્યક્તિ તમારો આભાર માનશે. તમારા માટે બે સારા શબ્દો બોલશે. એ તમને ગમશે. પણ ઝાડને તમે ઉછેરો, મોટુ કરો એ ક્યારેય કૃતજ્ઞતાભાવ વ્યક્ત કરતુ નથી છતાં તમે ક્યા પરિબળથી વૃક્ષોનું જતન કરી રહ્યા છો ?"

આ પ્રશ્ન બનાસકાંઠાના દાંતીવાડાના રામસીડાગામમાં વૃક્ષોનું જતન કરતા જંગલવિભાગના કર્મચારી નારણભાઈને પુછ્યો ને એમણે કહ્યું, "વૃક્ષો આભાર વ્યક્ત કરે, બસ આપણે એ અનુભવવાની ક્ષમતા કેળવવી પડે. હું એ ભાવ અનુભવુ છું."

કેવી મજાની વાત.

બનાસકાંઠામાં ૨૦૧૯ થી વૃક્ષો વાવી ઉછેરવાનું શરુ કર્યું. જંગલ વિભાગ સાથે પણ છેલ્લા કેટલાક વખતથી અમે ભાગીદારી કરીએ. રામસીડામાં પણ જંગલ વિભાગે વૃક્ષો વાવ્યા. ડ્રીપથી પાણી આપવાનું કરીએ તો વૃક્ષોનું જતન કરવું સહેલું થઈ જાય અને વાવેલા મોટાભાગના વૃક્ષો સરસ ઉછરે.



કૃષ્ણવીણા ગ્રામવન ૯ની માવજત કરતાં વૃક્ષમિત્ર

અમે જંગલ વિભાગ સાથે આ બાબતે ભાગીદારી કરી. ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશને ડ્રીપ કરી. રામસીડામાં વાવેલા ૧૬,૦૦૦ વૃક્ષો સરસ ઉછરી રહ્યા છે. આમ તો વાવેતર કરે ચાર મહિના થયા પણ માફકસર પાણી અને યોગ્ય જાળવણી મળી રહેવાના કારણે વૃક્ષો



કૃષ્ણવીણા ગ્રામવન ૯

સરસ ઉછરી રહ્યા છે.

જંગલ વિભાગમાં કાર્યરત તમામ અધિકારીઓ પણ ખુબ સંવેદનાથી અમને મદદ કરે. સૌનો ઘણો ઘણો આભાર.

ડૉ. કે.આર.શ્રોફ ફાઉન્ડેશન થકી VSSM સાથે રહી લગભગ ૧ લાખથી વધુ વૃક્ષો ઉછરી રહ્યા છે.

તમે પણ તમારા ગામમાં ૨૫,૦૦૦ વૃક્ષોનું જંગલ ઉછેરો આજના સમયની આ તાતી જરુર...



કૃષ્ણવીણા ગ્રામવન ૯

# માનવ અધિકાર

સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓની મદદ છેવાડાના માણસો સુધી પહોંચે તે વિભાવના સાથે આગળ વધી રહ્યા છીએ

ભારતની વસતિ ૧.૪ અબજે પહોંચી. દેશમાં રહેતા ૨૦૦ મીલીયન (૨૦ કરોડ) લોકો દૈનિક ૨ ડોલરથી પણ ઓછાથી પોતાનું ગુજરાન ચલાવી રહ્યા છે. આપણે કલ્યાણકારી રાજ્યની વિભાવના સ્વીકારી. ગરીબીમાં સબડતા લોકોને ગરીબીમાંથી બહાર લાવવા સરકારે વિવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મુકી અને એ માટે કરોડો રૂપિયાના ફંડની ફાળવણી થઈ. હાલમાં ૨૩૩ જેટલી કલ્યાણકારી યોજનાઓ તકવંચિતો માટે અમલી છે.

વર્ષોથી ગામોમાં અંતરિયાળ વિસ્તારમાં અમે કામ કરીએ. અમે જોયું કે લોકોને ક્યાં તો યોજનાઓ વિષે ખ્યાલ નથી અથવા ખ્યાલ છે તો મદદ મેળવવા જોઈએ તે પુરાવા નથી. પાછુ એ પુરાવા મેળવવાના પ્રયત્નોમાં પણ થાકી જવાય એવું.

સરકાર દ્વારા કાર્યાન્વીત કલ્યાણકારી યોજનાઓ તળિયાના માણસો સુધી પહોંચે તે માટે ડો.કે.આર.ફાઉન્ડેશનની ટીમે મથવાનું નક્કી કર્યું. હાલમાં અમે વિવિધ આઠ યોજનાઓ અમે જે ગામોમાં કાર્યરત છીએ ત્યાંના જરૂરિયાતમંદ વ્યક્તિઓ સુધી પહોંચે તે માટે કાર્ય કરીએ છીએ. ૨૦૨૨ થી સરકાર સાથે હિમાયતનું આ કાર્ય અમે શરૂ કર્યું અને ૩૦,૦૦૦થી વધુ જરૂરિયાતમંદ વ્યક્તિઓને યોજનાઓની મદદ અપાવવામાં નિમિત્ત બન્યા.

**જે યોજનાઓની મદદ અપાવવામાં નિમિત્ત બન્યા તેની વિગત:**

| ક્રમ | યોજનાનું નામ | લાભાન્વીત થયેલા લોકોની સંખ્યા |
|---|---|---|
| ૧ | આયુષ્યમાન ભારત | ૨૦,૫૯૯ |
| ૨ | ઈ-શ્રમ યોજના | ૧૧,૫૬૪ |
| ૩ | વહાલી દીકરી યોજના | ૨૯ |
| ૪ | પાલક માતા-પિતા યોજના | ૧૨ |
| ૫ | ગંગા સ્વરૂપ યોજના | ૧૪૨ |
| ૬ | નિરાધાર વૃધ્ધ સહાય યોજના | ૨૧૭ |
| ૭ | અન્ય | ૬૪ |

દર વખતે ફાઉન્ડેશનની ટીમ લોકોને સરકારી યોજનાની મદદ મળે તે માટે મદદરૂપ નહીં થઈ શકે એ અમે જાણીયે. આગામી વર્ષોમાં આ દિશામાં અમે ઘણું કામ કરવાની ઈચ્છા રાખીયે છીએ. અમે સબળ નેતૃત્વ સમાજમાં ઊભું થાય, સૌ પોતાના અધિકારો બાબતે જાગૃત થાય અને થાક્યા વગર પોતાની મેળે કચેરીઓમાં જઈને યોજનાઓની મદદ મેળવતા થાય તે દિશામાં કામ કરવાનું કરીશું.

# અમે પણ સુધરવા માંગીયે છીએ...



*ભિલોડાના ભરથરી પરિવારો સાથે શ્રી પ્રતુલભાઈ શ્રોફ અને મિત્તલબેન પટેલ*

કોઈ વ્યક્તિ કે પરિવાર પારાવાર તકલીફમાં છે. આપણે રોજ એમને જોઈએ પણ એમની તકલીફ જોઈને આપણને પીડા ન થાય તો આપણે ખરેખર જીવતા છીએ કે કેમ એ તપાસવું રહ્યું... હા આખી દુનિયાના કલ્યાણમાં નિમિત્ત બનવાનું આપણાથી શક્ય નથી. પૈસાથી પણ મદદ કરવી કદાચ શક્ય નથી. પણ આપણને મળેલી સમજણ તો અન્યો સાથે ચોક્કસ વહેંચી જ શકાય..

સાબરકાંઠાના ભીલોડાની ભરથરી વસાહતમાં પંદર પરિવારો રહે. ગણ્યા ગણાય નહીં એટલા દુઃખો. વધુમાં પરિવારમાં વ્યસનની પણ તકલીફ. ગંદકી પણ વસાહતમાં ઘણી. કેટલાક બાળકો નિશાળમાં નિયમીત જાય ને કેટલાક નહીં..

આ બધાને પહેલીવાર મળી.. સૌ સરકારી જમીનમાં રહે. પોતાની જમીન નથી તમે મદદ કરો તો અમને પ્લોટ મળે ને અમે ઘરવાળા થઈએ એની વાત કરી. અમે બીપીએલ રાશનકાર્ડ કરવામાં, જાતિ પ્રમાણપત્ર કઢાવવામાં મદદ કરી. પ્લોટ મળે તે માટે પણ કલેક્ટરશ્રીને રજૂઆત કરી દીધી છે. પણ આ બધાની વચમાં તમે પોતે તમારા ભલા માટે કેમ કશું કરતા નથી એ પ્રશ્ન એમને પૂછ્યો...

ચોખ્ખાઈ કોઈ થોડું શીખવે આપણે જાતે રહેવાનું છે. રોજ નહાવા પાણી ન મળે સમજી શકાય પણ ઘર આગળ કચરો કેવી રીતે સાંખી લેવાય? વ્યસનને શું કામ? આમંત્રીત કરવું વગેરે જેવી ઘણી વાતો કરી. થોડો ગુસ્સો ને થોડું વહાલ પણ કર્યું.





*ભિલોડાના ભરથરી પરિવારોનો ઉમળકો*

બેઠક પતાવીને નીકળી રહી હતી ત્યારે એમણે કહ્યું, ‘‘તમે જે કહ્યું એવી વાતો અમારી પાસે આવીને કોઈ કરતું જ નથી. આવું થોડું શીખવે તો મગજમાં બેસી જાય. અમે પણ સુધરવા માંગીયે છીએ...’’

સુધરવા શબ્દ મને બહુ ગમતો નથી.. પણ એમની વાત સાચી લાગે.

જો કે આ વાંચીને કેટલાકને એમ પણ થાય કે એમાં શીખવવાનું શું ? જાતે સમજી શકાય.


પણ અનુભવે કહુ તો જાતે બધુ નથી સમજાતુ કોઈ કહે તો ફરક પડે.

તમે આવી વસતિને તમારી આસપાસમાં જુઓ તો સતત એમની પાસે જાવ, સારા નરસાની વાતો કરો, કેટલુંક શીખવો.

ઘણી વખત એમ થાય કે વારંવાર શીખવીએ પણ એ નથી બદલાતા પણ ધીરજ ગુમાવ્યા વગર કરશો તો ચોક્કસ બદલાવ આવશે એ નક્કી અમે એ બદલાવ જોયો છે..

ખેર ભરથરી પરિવારોને મળેલા બીપીએલ રેશનકાર્ડથી એમને રાહત છે. એમને ઝડપથી પ્લોટ મળે તે પણ કરીશું ને ઘર પણ બાંધીશું.

આદરણીય પ્રતુલભાઈ શ્રોફ ભરથરી પરિવારોને મળવા ખાસ આવ્યા. તેમની અમને ઘણી મોટી મદદ મળે.. પૈસો કુદરત ઘણાને આપે છે પણ એ પૈસો પોતાના સિવાય અન્યોના કલ્યાણમાં ખર્ચનાર વ્યક્તિને ઈશ્વર વધારે આપે છે એ નક્કી..





*ભરથરી પરિવારોની હાલની સ્થિતિ*

# સાબરકાંઠાના હિમ્મતનગરના પરિવારોને કાયમી સરનામું અપાવવાનો એક પ્રયાસ



*VSSM સંસ્થાના સ્થાપક મિત્તલબેન પટેલ હિંમતનગરના સરાણિયા પરિવારો સાથે*

'કાગડોળે તમારી વાટ જોતા'તા. તમારા સિવાય અમાર ગરીબ ગરબાનું કુણ હોભળ ?'

સાબરકાંઠાના હિંમતનગરમાં રહેતા સરાણિયા પરિવારોએ ભાવ સાથે કહ્યું.

ગુજરાતમાં વસતા વિચરતી જાતિમાંના સરાણિયા પરિવારોને કાયમી સરનામુ અપાવવાનું અમે કરીએ. ઘણા પરિવારોની વસાહતો અમે બાંધી એ વાત હિંમતનગરમાં રહેતા આ પરિવારો જાણે માટે અમને પણ સ્થાયી સરનામુ અપાવવામાં મદદરુપ થાવ તેવું એક આશા અને ભાવ સાથે એમણે કહ્યું..

મદદરુપ થવાનું જ હોય. આમ પણ આ બધા અમારા વહાલા પરિવારો..

નસીબજોગે સાબરકાંઠાના કલેક્ટર શ્રી નૈમેશ દવે પણ ભલા. એ વિચરતા સમુદાય સમર્થન મંચ (VSSM) ના કામોથી પરિચીત. એમણે અધિકારીઓને હિંમનતગરમાં ઠેકઠેકાણે રહેતા ૧૨૫થી વધારે પરિવારોને સ્થાયી પ્લોટ આપવાની કામગીરી આરંભી દીધી. નજીકના ભવિષ્યમાં આ પરિવારોને પોતાની જગ્યા મળશે તેવી આશા છે..

બાળકોને ભણાવવાની વાત પણ થઈ. આ વર્ષે ગાંધીનગર પાસેના પાનસરમાં શરુ થનાર VSSM થકી ચાલુ કરવામાં આવેલી પાનસરમાં આવેલી હોસ્ટેલમાં આ વસાહતમાંથી પણ બાળકો ભણવા આવશે.

તકલીફમાં હોય તેવા પરિવારોને શોધવા તેમના સુધી સરકારની વિવિધ યોજનાઓ પહોંચે તે માટે અમારી ટીમ સતત મથે. સાબરકાંઠામાં પણ અમારા કાર્યકર



પોતાના પ્રશ્નોની રજૂઆત કરતા સરાણિયા પરિવારો

તોહીદભાઈ સતત મથે. એટલે જ આવા પરિવારોની વાત VSSM સુધી પહોંચે.

VSSM વિચરતી જાતિ તેમજ વંચિત પરિવારોને માનવ અધિકાર અપાવવા માટે સંસ્થા છેલ્લા ૧૩ વર્ષથી કાર્યરત છે. આ સંસ્થા થકી અમે વંચિતોને સહયોગ કરી શક્ય તેનો રાજીપો...

ઈશ્વર સૌના શુભમાં કાયમ નિમિત્ત બનાવે તેવી શુભભાવના..

# "રેશનકાર્ડ બાપગોતરમાં ભાળ્યું નો'તું, ને આજે મળ્યું"




*VSSM સંસ્થા તથા નાયબ કલેક્ટરશ્રીના સહયોગથી બીડજના પરિવારોને રાશનકાર્ડ મળ્યા*

મારી ઉંમર સીત્તેરની થઈ. રેશનકાર્ડ બાપગોતરમાં ભાળ્યું નહોતું આજે પહેલીવાર મળ્યું.

'રેશનકાર્ડ માટે કચેરીના ઘણા ધક્કા ખાધા પણ મેળ પડતો નહોતો.'

ખેડાના બીડજમાં વર્ષોથી રહેતા પરિવારોએ આ કહ્યું. ખેડાનું તંત્ર અમને ઘણી મદદ કરે એટલે અમે આમાં મથવાનું નક્કી કર્યું ને એક સાથે ૩૫ થી વધારે પરિવારોના રેશનકાર્ડ બન્યા.




*બીડજની વસાહતમાં રેશનકાર્ડ વિતરણ કરી રહેલા નાયબ મામલતદારશ્રી અને મિત્તલબેન પટેલ*

નાયબ મામલતદાર વસાહતમાં આવ્યા ને સૌ પરિવારોને પોતાના હસ્તે રેશનકાર્ડ આપ્યા. એમણે કહ્યું, હજુ જે પરિવારોના કાર્ડ બાકી હોય, જેમના કાર્ડનું વિભાજન થતું ન હોય તેવા પરિવારો પણ અમારી પાસે આવજો અમે એમાં મદદ કરીશું.

અધિકારી આવી પહેલ સામેથી કરે એનાથી રાજી જ થવાય. કલેક્ટર શ્રી બાચાણી સાહેબનો ઘણો આભાર એમના કારણે આ શક્ય બન્યું.

# પરિવાર સંપન્ન બબુમાનું જ્યારે કોઈ ન રહ્યું ત્યારે VSSM અને KRSF તેમની ઘડપણની લાકડી બન્યા



પિંગળજના માવતર બબુમા એમની ઝૂંપડીમાં

બહુ બધા પાક્કા મકાનોની વચ્ચે એક ગાર માટીમાંથી બનાવેલું નાનકડુ મકાન ઊભેલું. ઘરમાં વીજળીની સુવિધા નહીં. નાનપણમાં જોયેલો ઘાસતેલનો દિવો આ ઘરમાં પ્રવેશીયે કે નાનકડી છાજલીમાં મુકેલો ભળાય. હવે કેરોસીન તો મળતું નથી તો આ દિવો પ્રગટે શેનાથી ?

જવાબમાં આ ઘરમાં રહેતા એકલા અટુલા બબુમાએ કહ્યું ડીઝલથી. ડીઝલથી દિવો બળે એ પહેલીવાર સાંભળ્યું. નાનકડુ ઘર એમાં અભરાઈ પર ઘણી થાળી વાટકીઓ ગોઠવેલી. એક વખતે આ ઘરમાં ઘણા મહેમાનો આવતા. અલબત ઘરમાં વસ્તાર પણ હતો એટલે ઘર ધમધમતુ હતું. મજૂરી કરીને પેટિયું રળતા બબુમાનો સંસાર ભર્યોભાદર્યો હતો.

બે દિકરા ને પતિ સાથે જીંદગી ઠીકઠાક જઈ રહી ત્યાં દિકરાને બળિયાબાપજી નીકળ્યા ને એ દુનિયા છોડી ગયો. બીજો પણ એજ રીતે બિમારીમાં ગયો. પછી તો કાકા પણ ગયા ને બબુમા એકલા રહી ગયા.

કુટુંબના બધા ખરા એ થોડું ધ્યાન આપે. પણ બબુમા એકલા થઈ ગયા. મજૂરી મળે એ કરે ને જીવન પસાર થાય. પણ હવે હાથપગ થાક્યા. કામ પણ ન મળે. રેશનકાર્ડ પર મળતા અનાજ પર નભે.. પણ પુરુ ન થાય. વળી બબુમાને કોઈ પાસે માંગવું ન ગમે.

આવા ખેડાના પીંગળજમાં રહેતા બબુમા વિષે અમારા કાર્યકર રજનીભાઈને ખ્યાલ આવ્યો. એ એમને મળ્યા ને બાએ કહ્યું મહિનાનું રાશન મળી જાય તો મને ઠીક કરે કોઈની ઓશળિયા વેઠવાની ન થાય.


અમે દર મહિને રાશન પહોંચાડવાનું શરૃ કર્યું. હવે બબુમાના જીવને નિરાંત છે..

ચાકરી કરનાર કોઈ ન હોય તેવા ૬૦૦ નિરાધાર બા દાદાઓને VSSM સંસ્થા થકી અમે દર મહિને રાશન આપીયે.

ઘણા સ્વજનો અમને ફલાણા ગામમાં આવા જ એક બા છે કે દાદા છે તમે મદદ કરોનું લખી મોકલે પણ અમે બધે પહોંચી ન વળીએ. પણ હા સમાજ સહયોગ કરે અને આવા બા દાદાઓના એ એક એક કરીને પાલક બને તો છસો શું હજાર માવતરોને મદદ કરી શકાય.

પરિવર્તન
જૂન, ૨૦૨૪

# રામની શબરી એવા ગજરાબાને મન એને ઘરે આવતા સૌ રામના જ મોકલેલા, અમે પણ...



*ચિત્રાસરના ગજરાબાની શબરી કુટિરમાં અમે*

'આ લકવો આલ્યો, મારુ મુઢુ વોકુ થઈ જ્યું તે મુ તારુ ભજન ચમનું ગઈશ ? બીજુ જે દુઃખ આલવું હોય એ આલ પણ તારુ ભજન તો મુ મરતા હુદી ગાયા કરુ એવું કોક કર...'

ખેડાના ચિત્રાસરના ખુબ અભાવમાં રહેતા ગજરાબાએ જિંદગીમાં પહેલીવાર ભગવાન પાસે કશુંક માંગ્યું. રહેવા સરખુ ઘર નહીં. ખુબ નાની ઉંમરે વિધવા થયેલા. છ સંતાનોને એમણે એકલે હાથે મોટા કર્યા છતાં ક્યારેય ભગવાન પાસે મને આવું આપજે, તેવું આપજે. આવું દુઃખ કેમ આપ્યું એવી કોઈ ફરિયાદ એમણે ક્યારેય કરી નહીં. બસ મારી સાથે રહેજે એ એક જ વાત ને એ જાણે રામને પ્રત્યક્ષ જુએ...

ગજરાબાને લકવો પડ્યો ને ભજન ગાવાનું બંધ થયું. ત્યારે પહેલીવાર ભજન ગાવા લકવો ઠીક કરવા પ્રાર્થના કરી ને ભગવાને એ પ્રાર્થના સાંભળી. એ લકવામાંથી બેઠા થઈ ગયા.

આવા ગજરાબાના પાંચ સંતાનો તેમની હાજરીમાં જ ગયા. એનું એમને ભારે દુઃખ. એક દિકરી એમની પાસે છે. પણ ખાવા પીવાની બાને ઘણી ઓશિયાળી. કોઈ પાસે માંગવું ગમે નહીં. અલબત કોઈ ભૂખ્યું એમના આંગણે આવે તો એને પાછા ભૂખ્યા જવા પણ ન દે..

દાણા ભરવાની કોઠીમાં પડેલા દાણા ખતમ થઈ જાય તો છેલ્લે પડેલા દાણા ઉસેડીને એ ભૂખ્યા જનને આપે.

આવી પરોપકારની ભાવના રાખનાર ગજરાબા છાપરાંમાં રહેતા. મનમાં ભાવના પાક્કા ઘરની ખરી પણ પૈસા નહીં પણ ભગવાન પાસે એમણે ઘર ન માંગ્યું.

જો કે ભગવાન ભક્તોનું ધ્યાન રાખે. એક દિવસ ગામમાં ઈંટવાડો કરેલા એક ભાઈ આવ્યા ને ગજરાબાને ઈંટોના ટુકડા ઈંટવાડામાં પડ્યા છે એ લઈ જવા કહ્યું જેથી ઘર થઈ શકે. ઈંટોના એ ટુકડાથી ગજરાબાએ ગાર માટીનું સરસ ઘર કર્યું. એમણે એને સરસ સજાવ્યું પણ ખરુ. બા કહે, જાણે મારો રામ ઈંટો ચણવા આવ્યો હોય એવું એ વખતે તો લાગેલું..

શ્રદ્ધા માણસને જીવાડે એ વાત ગજરાબાને મળીએ ત્યારે સો ટકાની લાગે. બાને ઘડપણની લાઠી કોણ બનશે એ પ્રશ્ન હતો ને બા કહે, મારા રામે તમને મોકલી આપ્યા. KRSF અને VSSM તમારા સૌ સ્વજનોની મદદથી બાને દર મહિને રાશન આપે. અમારા કાર્યકર રજનીભાઈ બાનું બરાબર ધ્યાન રાખે...

અમે VSSM સંસ્થા સાથે રહીને ગજરાબા જેવા નિરાધાર ૬૦૦ બા -દાદાઓને આપણે રાશન આપીયે.

ગજરાબાનો રામ સૌના રખવાળા કરે તેવી અભ્યર્થના...

# KRSF અને VSSM ના માવજત કાર્યક્રમથી બેડ ગામના પરિવારની ઓશિયાળી દૂર થઇ....



*બેડ ગામમાં માડી, અનવરભાઈ અને બહેન એકબીજાના સહારે*

'એ કાંઈ એમ મરવાની નથી.. એના બાપા એકસો દસે અને મા એકસો પાંચે ગ્યા. તે એય એકસો પાંચે પોગી..' પથારીમાં ગોદડુ ઓઢી સુતેલા ભાઈએ અંદરના ઓરડામાં ખાટલામાં બેઠેલા માડી માટે જરા હસીને આ કહ્યું.

સાંભળીને માડી; 'તે લયખુ હોય એટલું જીવવુ તો પડસે જ ને એમ કાંઈ આપણા કીધે ઈ થોડો તેડના આવે?'

'માડી તમારે એકસો પાંચ થ્યા તો પણ તમારા કાન એકદમ સરવા છે..'

મારી વાત સાંભળી હું જ્યાં બેઠી હતી તે ઓસરીમાં ખાટલા પર બેઠેલા બેહેને કહ્યું, 'કાન એકલા જ નહીં એની આંખો પણ એવી તેજ..'

'તમે માડીના કોણ થાવ?'

'હું અને આ પથારીમાં પયડો ઈ. અમે એના સોકરાં. એ અમારી મા'.

સાંભળીને ઓહ બોલાઈ ગયું.

જામનગરનું બેડગામ. ત્યાં આ ત્રણે નિરાધાર. આમ તો નિરાધાર ન કહેવાય. ત્રણેયને એકબીજાનો આશરો હતો. પણ કામ ત્રણેમાંથી એકેય કરી શકે એમ નહોતા. માડી અને પથારીમાં સુતેલા દૃષ્ટિહીન અનવરભાઈને તો ઊભા થવામાંય તકલીફ. એમના બહેન રસોઈ કરે ને આ બેયને ખવડાવે.

સરકાર દ્વારા મળતું પેન્શન આવા પરિવારો માટે કેટલું અગત્યનું એ આવા પરિવારોને મળીયે ત્યારે સમજાય. ભાઈ બહેનને ૧૦૦૦-૧૦૦૦ એ લોકોની ભાષામાં બુઢ્ઢા (વૃદ્ધ) પેન્શન પેટે મળે તે એમાંથી એ પોતાનો ખર્ચો કાઢે.

રેશનકાર્ડ પહેલાં APL હતું. અમારા કાર્યકર ગુલામભાઈએ એમને અંત્યોદય રાશનકાર્ડ કરાવી દીધું. પણ રાશન લેવા જવામાં એમને તકલીફ. રાશનકાર્ડમાં આવા પરિવારો માટે ગાર્ડિયનની જોગવાઈ છે અમે એની તપાસ કરી એ ગોઠવાય તેવા પ્રયત્નો કરીશું.

અનવરભાઈ રેડિયો સાંભળવાના શોખીન. ખાસ ક્રિકેટ અને ભજનો સાંભળવા ગમે. તે રેડિયો એમની પથારીની બાજુમાં જ રહે.

આ પરિવારની સ્થિતિ અંગે અમને ખ્યાલ આવ્યો અમે માવજત કાર્યક્રમ અંતર્ગત રાશન આપવાનું શરુ કર્યું. હવે એમને ઘણી નિરાંત છે. માડીએ કહ્યું, 'હવે ખૂટશે તો હું થાશેની ચિંતા નથ. ખૂટે એ પહેલાં જ ગુલામભાઈ દઈ જાય.'

આ પરિવાર જે ઘરમાં રહે તે ઘરનો દરવાજો પણ બહારથી બંધ. કોઈએ આવવું હોય તો બહારથી ખોલીને આવવાનું બાકી આ ઘરમાંથી કોઈ ઘર ખોલીને બહાર જતું નથી...

જબરી સ્થિતિ.. જોઈને મન ખીન્ન થઈ જાય..

ગામમાં કોઈ મદદ કરે એવું પુછ્યું તો અનવરભાઈ કહે, મારે દાઢી કરાવવી છે પણ....

આગળ એ કશું બોલ્યા નહીં ને ન બોલેલું અમે સમજી ગયા. જે સમાજ પોતાની આસપાસ રહેનારની પીડા નથી સમજતો તે સમાજ વિષે શું કહેવું? વિચારવું રહ્યું....

# આરોગ્ય સંભાળ

ડો. કે.આર.શ્રોફ વ્યવસાયિક ડૉક્ટર. ડૉક્ટરને ભગવાનનું બીજુ રુપ માનવામાં આવે. ડો.કે.આર.શ્રોફ આ વાતને બરાબર સમજે એટલે અડધી રાતે દર્દી તેમના ઘરનો દરવાજો ખખડાવી આવી ચડે તો જરાય અણગમા વગર દર્દીની સારવાર કરે. કર્તવ્યમાં એ ક્યારેય પાછા ન પડે. તેમની આ નિષ્ઠાની જબરજસ્ત છાપ તેમના દિકરા પ્રતુલભાઈના માનસ પર પડી. એટલે સફળ ઉદ્યોગપતિ બન્યા પછી પોતાના જીવનની મૂડીનો ઘણો ભાગ તેમજ પોતાનો સમય પણ એમણે સમાજકાર્યો પાછળ ખર્ચવાનું નક્કી કર્યું અને ડૉ.કે.આર.શ્રોફ ફાઉન્ડેશનની સ્થાપના કરી પિતાને સુંદર સ્મરણાંજલી આપી.

KRSF પોતે નવા માળખા કે પોતે જ દરેક ક્ષેત્રોમાં પોતાના કાર્યકરો રાખી કામ કરશે એ ફીલોસોફીમાં નથી માનતું. જે ક્ષેત્રમાં વર્ષોથી ધુણી ધખાવીને કોઈ સંસ્થા- વ્યક્તિ કાર્ય કરે છે, એ સંસ્થા- વ્યક્તિની કાર્ય નિષ્ઠા જોઈ- સમજી તેમની ક્ષમતા વધે તે પ્રકારે તેમને મદદ કરવાની ફીલોસોફી સાથે કામ કરે.

જેમની આર્થિક સ્થિતિ નબળી છે તે દર્દીઓ ક્યારેય ખાનગી હોસ્પીટલનું પગથિયું નથી ચડવાના. આવામાં વિવિધ સરકારી હોસ્પીટલ અથવા ટ્રસ્ટ સંચાલિત હોસ્પીટલ એમની પ્રાથમિકતામાં હોવાની. ત્યારે આ હોસ્પીટલોમાં અધતન સુવિધાઓ ઉપલબ્ધ થાય તે બહુ જરુરી. અલબત આ બધી સંસ્થાઓના ભગીરથ કાર્યોના લીધે જ લાખો દર્દીઓના જીવન બચ્યા છે.

**KRSF દ્વારા આરોગ્ય ક્ષેત્રે કાર્યરત જે સંસ્થાઓને મદદ કરવામાં આવે છે તેમની વિગતઃ**

| ક્રમ | સંસ્થાનું નામ | મદદની વિગત |
|---|---|---|
| ૧ | જીવરામ મહેતા સ્મારક હેલ્થ ફાઉન્ડેશન | ન્યુમેટીક ટ્યુબિંગ સીસ્ટમ, એન્ડોસ્કોપી સીસ્ટમ |
| ૨ | સદવિચાર પરિવાર | ફીઝીયોથેરાપી સેન્ટર, પેથોલોજી લેબોરેટરી, પુસ્તકાલય અને સેન્ટરમાં આવતા દર્દીઓને મનોરંજન મળી રહે તે માટે વિવિધ સુવિધાઓ |
| ૩ | ગુજરાત કેન્સર સોસાયટી | માળખાકીય સુવિધા ઊભી કરવા. તેમજ આરોગ્ય સંભાળમાં સુધારો કરવા મદદ |

| ક્રમ | સંસ્થાનું નામ | મદદની વિગત |
|---|---|---|
| ૪ | ગ્રામ સેવા ટ્રસ્ટ<br>ટેલી મેડિસીન કાર્યક્રમ | ગુજરાતનો ડાંગ જિલ્લો. આદિવાસી વસતિ ધરાવતો જિલ્લો. પહાડી વિસ્તાર હોવાના કારણે આજે પણ આરોગ્ય સેવા જિલ્લાના દરેક ગામો સુધી પહોંચવી મુશ્કેલ. ત્યાં KRSF ગ્રામ સેવા ટ્રસ્ટને ટેકનોલોજીનો ઉપયોગ કરી, આરોગ્ય મિત્રોની નિયુક્તી કરી ગામડે ગામડે આરોગ્ય લક્ષી સુવિધાઓ, વિવિધ બિમારીઓની જાણકારી આપવાના કાર્યમાં મદદ કરે છે. |

ॐ सर्वे भवन्तु सुखिनः
सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद्दुःखभाग्भवेत् ।
ॐ शान्तिः शान्तिः शान्तिः

આ ફીલોસોફી અમે માનીયે.. એટલે જ વધારે લોકોના કલ્યાણમાં નિમિત્ત બનવાનું સ્વપ્ન સેવીયે અને એ માટે કટીબદ્ધ પણ ખરા.

## અમારા પાયાના મૂલ્યો




બાળક સૌપ્રથમ


કાર્યનો શિસ્તબદ્ધ અમલ

સતત શીખતા રહીને સ્વ-વિકાસ

લક્ષ્યપ્રાપ્તિ માટે દ્રઢતા, એકાગ્રતા અને ટીમવર્કથી લાગ્યા રહેવું

ગામનો સર્વાંગી વિકાસ

## સંસ્થાના DNA





















**Dr. K. R. Shroff Foundation**
**Address:**
9, Aaryans Corporate Park, Nr. Shilaj Railway Crossing,
Thaltej – Shilaj Rd, Thaltej,
Ahmedabad, Gujarat 380059, India.
info@krsf.in